રીવિઝન કમિટીએ સુધારેલી ટકસ્ટ બુકના ધોરણ મુજબ ખાસ થર્ડઈયર શિક્ષકો પાસે તૈયાર કરાવેલી.

ગુજરાતી

બીજા ધોરણની નોટ.

પ્રકાશક

બુકસેલર જેકીશનદાશ ત્રીભોવનદાશ.

માલેક, જે. જે. એન્ડ કું.

ઠે૦ તાર ઓફિસ સામે—સુરત.

શાકે ૧૮૪૨ સને ૧૯૨૧ સંવત ૧૯૭૭

કીં. ૦-૭-૦

શ્રી "સુંદર" પ્રિ. પ્રેસમાં વિઠલદાસ કીકાભાઇએ છાપી ઠે. લીમડાચોક—સુરત.

ગુજરાતી બીજા ધોરણની નોટ.

ભાગ ૧ લો.

પાઠ ૧ લો.

પરમેશ્વર—ઇશ્વર, જગતકર્તા.
બધું—સઘળું, તમામ
કડીઆ—ઘર ચણનાર
વટેમાર્ગુ—રસ્તે જનાર
ઓસરી—ઘરનો આગળનો ભાગ જેની ઉપર છાપરૂં હોય તે
પાધર—સપાટ ખુલ્લું
ભક્તિ—પરમેશ્વરનું ભજન કરવું તે
ધર્મશાળા—મુસાફરને ઉતરવાની જગ્યા
[illegible]ી—જમીન
[illegible]—ટેબલ
[illegible]ાર—લાકડાં ઘડનાર
[illegible]ાન—ઘર
[illegible]ુર—કામ કરનાર
[illegible]મહે—બહેકે
વાસ—સોરમ સુગંધ
કામમાં—ખપમાં ઉપયોગ
[illegible]ર—[illegible]
ગગન—આકાશ
તારા—ચાંદરણાં
ઝગઝગે ચકચકે, ચળકે
ઉજાસ—અજવાળું પ્રકાશ
સરજ્યાં—બનાવ્યાં
કળાતુ—સમજાતું
દયાળુ—દયાવાળા
હોશિયાર—ચાલાક
પાડ—ઉપકાર
દરરોજ—હમેશાં

પાઠ ૨ જો.

સવાર—પ્રભાત
વર્ણન—બયાન, વીગત
ગવૈયા—ગાનારા
મધુર—મીઠું
પંખેરૂં—પક્ષીઓ
ભ્રમર—ભમરો [રમ ગુર
મુલ્લાં—મુસલમાનનો ધર્મગુરૂ
તુલ—છોડપરના દાણા વાવેતર
અંધકાર—અંધારૂં
મુજ—મારા [કગ
બાળ—બાળક, નાના છો-
વન—જંગલ
વાણું વાયું—સવાર થઇ
વીતી—પૂરી થઇ [જાસ
ઝગઝગાટ—ચળકાટ, ઉ-
દીસે—દેખાય [જાતના
ભાતભાત—જુદી જુદી
ડોલે—હાલે
ફુટડા—રૂપાળા
તેજ—અજવાળું, પ્રકાશ
ઝીકું—ઝાંખું [ળી જગો
ખુણા ખાંચા—ઓથાવા-
ખોળે—શોધે
જનો માણસો
ધ્યાન ધરી—આંખો મીંચી પરમેશ્વરને જુએ
ગાન—ગાયન
દાતા—ગરીબોને આપનાર માણસ
દાન—ગરીબોને અનાજ પૈસા વિગેરે આપવું તે
બાંગ બોલે—મોટે સાદે [illegible]નું નામ લે
ઉદય થયો—ઉગ્યો

ગૂંગૂં—ગણગણાટ	ઉમંગી—હોંશીલા	મગન—ખુશી
પત્ર—પાંદડાં	ધાય—દોડે, દોડે	ધ્યાન—ચિત્ત, મન
ખોલે—ઉઘાડે	વીરા—ભાઈ, બંધુ	માત—મા, માતા

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—રાત વીતી, વા'ણું વાયું અને પૂર્વે ઝગઝગાટ થયો (તેથી) ભાત ભાત રંગ દીસે, (છે અને) ઝાડ પાન ડોલે (માટે) મારા વા'લા બાળ (તુ) જાગ, પંખી વન બોલે

અર્થ—રાત પૂરી થઇને સવાર થઇ, પૂર્વ દિશાળાં ચળકાટ થયો અને ત્યાં જુદી જુદી જાતના રંગ દેખાય છે, અને ઝાડો અને પાંદડાં ડોલે છે માટે હે મારા વહાલા બાળક તું જાગ, જો જંગલમાં પક્ષી બોલેછે

(૨)

અન્વય—કુકડા કૂકરે કૂક, (અને) કાગડા કા કા કરે. રુડા મેના પોપટ (ને) મોર મધુર બોલે છે

અર્થ—કુકડા કૂકરે કૂક અને કાગડા કાકા કરે છે અને રૂપાળા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે માટે હે મારા વહાલા૦

(૩)

અન્વય—ચંદ્ર તેજ ફીકું પડયું તારા તેજ ઉડી ગયું (ને) ચોર મોઢું કાળું થયું (કે તે) ખુણા ખાંચા ખોળે.

અર્થ—ચંદ્રમાનું અજવાળું ઝાંખું થયું, તારાનો ચળકાટ દેખાતો બંધ થઇ ગયો, ચોર લોકોના મોં (અજવાળું થવાથી રખેને પકડાઇ જઇશું એ બીકથી) વીલાં પડી ગયાં અને ખૂણે ખાંચે સંતાવાની જગા શોધવા લાગ્યા માટે હે મારા વહાલા૦

(૪)

અન્વય—ભક્ત જનો ધ્યાન ધરે, ગવૈયાઓ ગાન કરે, દાતા રૂડું દાન દીએ (અને) મુલ્લાં બાંગ બોલે

અર્થ—પ્રભુ ભક્ત માણસો પ્રભુમાં ચિત્ત લગાડે, ગાનારા ગાય, પરોપકારી માણસ દાન આપે અને મુસલમાનોનાં ધર્મગુરૂ મસીદ ઉપર ચઢી મોટે સાદે અલ્લાનું નામ પોકારે છે માટે હે મારા વહાલા૦

(૫)

અન્વય—સુરજ તણો ઉદય થયો (તેથી) રાતનો અંધકાર ગયો, ભ્રમર ગુંગું કરે (અને) કમળ પત્ર ખેલે

અર્થ—સુરજ ઉગ્યો તેથી કરી રાતનું અંધારૂં જતું રહ્યું અને ભમરાઓ ગુંગું અવાજ કરવા લાગ્યા, અને કમળોએ પોતાનાં પાંદડાં બીડેલાં હતાં તે ઉઘાડયાં માટે હે મારા વહાલા૦

(૬)

અન્વય—તડકો જેમ વધતો જાય, (તેમ) માણસો ઉમંગી થાય આકાશે પંખેરૂ ધાય (અને) ઢોર ચારો ખોળે

અર્થ—જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય તેમ તેમ માણસો હોંશીલા થાય ગગનમાં પક્ષીઓ ઉડા ઉડ કરે અને ઢોરો (પશુઓ) ચારો શોધવા લાગ્યા માટે હે મારા વહાલ૦

(૭)

અન્વય—ઝાડ, વેલી, ફળ ને ફુલ (એ) ધીમે ખીલે (એમાં) નહિ ભૂલ, (મળી) ખાવા જાય તાજાં તૂલ પક્ષી બહુ ટોળે

અર્થ—ઝાડ, વેલા, ફળ ને ફુલ. બધાં ભુલ વગર ધીમે ધીમે ફુલે, વધે અને બધાં પક્ષી એકઠાં થઇ વાવેતરમાં તાજું ખાવાનું ખાવા જાય, માટે હે મારા વહાલા૦

(૮)

અન્વય—(હે) ઉઠ વીરા મગન થઇ પ્રભુ કેરૂં નામ લઇ, (અને) વાંચ પાઠ ધ્યાન દઈ, એમ માત બોલે

અર્થ—હે ભાઇ! તું હસતો રમતો પરમેશ્વરનું નામ દેતો દેતો ઉઠ, અને તારો પાઠ મન દઇને વાંચ એવી રીતે મા કહે છે હે મારા વહાલા૦

પાઠ ૩ જો

ઋતુ—મોસમ
મહીના—માસ
ઉતરાણ—મકર સંક્રાંતનો તહેવાર
તિથિ—મહિનાના દરેક દિવસને તિથિ કહે છે
પર્વ—તેહેવાર [તિ દિવસ
પુનમ—પૂરેપૂરો ચાંદો ઉગે
શ્રાવણ—ચોમાસાનો બીજો મહિનો અને વરસનો દશમો
કારતકી—કારતક મહીનાથી શરૂ થતાં
પખવાડીઆં—મહીનાના બે ભાગ
વસ્ત્ર—લુગડાં
કાલે—આવતે દહાડે
કેમ—શા માટે
ટાઢ—ઠંડી
પતંગ-કનકવા
ઉડાડે—ચગાવે [સમની
શિઆળાની—ટાઢના મોરત—મોસમ
ગરમ—હુંફાળા
હોળી—હુતાશની, ફાગણ મહિનાના પુનમને દિવસે લાકડાં ગોઠવી સળગાવવાનો તેહેવાર
ઉનાળામાં—ગરમીની મોસમમાં
અમાસ—મહીનાનો છેલ્લો દિવસ
પડવાથી—પહેલી તિથિથી
લેખે—હિસાબે
પંખા—વીંજણાં
બળેવ—જનોઇ પહેરવાનો દિવસ [દિવસ
દસેરા—શમીવૃક્ષ પુજવાનો
દિવાળી—વરસનો છેલ્લો દિવસ

પાઠ ૪ થો.

મેળો—મેદની
વિખુટા—જુદા
બહેક બહેક—સરી વાસ આવવી તે
મદારીઓ—તમાસગીર
સુખડીઆ—કંદોઈ, મીઠાઈ બનાવનાર [નાર
સરૈયા—સુગંધી વસ્તુ વેચ-
દ્રાક્ષ—એક જાતનો મેવો
ગોકળ આઠમ—કૃષ્ણનો જન્મ દિવસ
કડકડનાં અવાજ કરતાં
કપડાં—લુગડાં
ભાઇબંધ—દોસ્તદાર
બજારમાં—ચૌટામાં
ભારે—ઘણીજ
ઠઠ—જમાવ મેદની
હારબંધ—એકપછી એક
છેડેથી—બાજુથી
કંસારા—ધાતુના વાસણ બનાવનારની
હાટ—દુકાનો
મિઠાઇ—સુખડી, મિઠાસવાળો ખોરાક
ખડકેલી—સીંચેલી
ખરાદી—લાકડાના રમકડાં ઉતારનાર
પલંગ—ઢોલીઓ
કોચ—બે બાજુ તકીયાવાળો પલંગ
પુષ્કળ—વધારે. [નાર
કાપડીઆ—લુગડાં વેચ-
દીઠી—જોઈ [જાતનું
ભાતભાતનું—જુદીજુદી
અંજીર—એક જાતનો મેવો
નારંગી—એક જાતનું લીંબુ જેવું ફળ
સંતરા—એક જાતનો લીંબુના ફળને મળતો મેવો
ચોગાન—ખુલ્લીજગા
ખેલ—રમત
સિપાઇઓ—ચોકીદારો
સવારો—ઘોડા ઉપર બેસી ફરનારા ચોકીદારો

ફેંકડી—ચકરડી.
હરખ—આનંદ.
માય—સમાય.

પાઠ ૫ મો.

સોબત—સંગત.
ભીખી—ભીખીઆરી.
દોસ્ત—ભાઈબંધ
લોહી લોહાણુ—ઘણાલો-
હીવાળું, ઘવાયલું
ભાગ્યશાળી—નશીબદાર
ઠીકરૂં—માટીના ફુટેલા
વાસણનો કટકો
ફડકડ—ફાંકડો
નિશાન—એધાણ
સજ્જડ—મજબૂત
પ્રેમ—હેત, પ્યાર
પટેલ—ગામનો ઉપરી
પાસે—નજીક
મઝા—ગમ્મત, આનંદ
પારકાં—બીજાનાં
સમજાવીને—પટાવીને,
ફોસલાવીને
ઝાંપો—કાંટાનું બારણું,
લાકડાનો દરવાજો
અંદર—માંહે
આઘો—દૂર, છેટે
ખાસાં મજાનાં
તાકીને—ધારીને
ઘાટ—ઉપાય, રસ્તો
રાસ—દોરડું
જોરથી—બળવડે
પછવાડેથી—પાછળથી
રખેવાળ—સાચવનાર
ઝપાટો—સપાટો
રાતોરાતો—રડતો રડતો
નાસતો—દોડતો
અથડાયું—પછડાયું
ચકરી—તમર
ઘુંઘાઈ—કચરાઈ
લપડાકો—તમાચા, ધોલો
ચોરની—છાનું માનું લઈ
જનારની
તુંએ—તું પણ
ચોઢી કાઢી—મારી
અસર—લાગણી, ફળ
સંગ—સંગત, સોબત
રંગ—પાસ, અસર
પેસે—આવે
ઠામ—ઠેકાણું
ઠરશે—શોભશે
રૂડો—સારો
બુરો—ખરાબ
વિદ્યા—ભણતર

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—જેને જેવો સંગ (તેને) તેવો રંગ બહુ બેસે, જેને જેવો સંગ (તેને) પ્રેમ પણ તેવો પેસે.

અર્થ—જેને જેવી સંગત તેને તેવીજ અસર થાય, જેને જેવી સંગત તેવુંજ હેત ત્યાં વધે.

(૨)

અન્વય—જેને જેવો સંગ તે તેવાં કામ કરશે, જેને જેવો સંગ (તે) તેવે ઠામ જઈ ઠરશે.

અર્થ—જેને જેવી સંગત તેવાંજ કામ તે કરશે, અને જેને જેવી સંગત તેવેજ ઠેકાણે જઇને તે ઉભો રહેશે.

(૩)

અન્વય—રૂડે સંગે રૂડો થશે (અને) બુરે સંગે બુરો બને, સારા મહેતાના સંગથી ભાગ્યશાળી (હોય તે) વિદ્યા ભણે.

અર્થ—સારી સંગત હશે તો તે સારો બનશે, ને નઠારી સંગત હશે, તો નઠારો બનશે, પણ સારા મહેતાજીની સંગતથી નશીબવાળો હોય તે વિદ્યા ભણે. (ભણીને નશીબવાળો થાય).

પાઠ ૬ ઠો.

રખડેલ—રઝળાઉ, રખડતો
ફોઇ પગલું—ફોઇએ આપેલું સોનાનું ગોળ ઘરેણું
મસ્તી—તોફાન
ખદખદતો—ઉનો, ઉનો
વધાઇ—વધામણી
અટકચાળાં—અડપલાં
હાડવૈદ—ભાંગેલાં હાડકાં સમાં કરનારા ડાકટર
ઓવારણાં—વહાલાંને મળવાની બૈરાની રીત
ઓસડવેસડ—દવાદારૂ
આનંદ—હરખ
પાર—છેડો.
લાડકવાયો—લાડમાં ઉછરેલો
ભેટ—સોગાત
કુટેવ—નઠારી ટેવો
પોળ—ખડકી
ઇલાજ—ઉપાય
વંઠી—બહેકી, છકી
શેરી—ફળીઉં
ચોટામાં—બજારમાં
રઝળતો—રખડતો
તંમર—આંખે અંધારાં આવવાં
ભેકડો—રાગડો
તાણતો—કાઢતો
ઓળખીતો—જાણીતો
વલે—હાલ
ખો—ટેવ, આદત
શિખામણ—ફાયદાની વાત

પાઠ ૭ મો.

જક્કી—હઠીલું.
શિકારી—મારી ખાનાર પ્રાણી
સાચવણ—સંભાળ
ઊચી—વસુકી, ઉડી
અભાગીઉં—કમનશીબ
વિઆય—બચ્ચાં જણે
રબારી—બકરાં ઘેટાં ચરવનાર
લવારાં—બકરાંનાં બચ્ચાં
ગાડરાં—ઘેટાંનાં બચ્ચાં
નીરતો—નાખતો
ખાંધે—ખભે
ઝોક—બકરાં ઘેટાંને રાખવાની જગા
છાંયે—શીળે
વાંસળી—મોરલી
પાવો—પીશવો
હૂંફ—ગરમી
સુખે—નિરાંતે
ભાગે—હિસ્સે
જાળવતો—સંભાળતો

તકરાર—કજીઓ, ટંટા
ચાકરી—બરદાસ
અજાણ્યું—ઓળખાણ વગરનું [નંદમાં
મોજમાં—મજામાં, આ-

પાઠ ૮ મો.

ગોંધનો—પૂરતો
સપડાઇ—પકડાઈ [માં
બંદીખાનામાં—કેદખાના-
કમોતે—વગર મોતે
કાતર—ગુફા
ચાંદની—અજવાળી રાત
ચેન—મજા, સુખ
પાધર—ખુલ્લી જગા
ખેલવું—રમવું
ડરેલ—સમજવાળી
નાદાન—અક્કલ વગરનું
ભલો—સારો
જક—હઠ [નાસી ગયું
સટકી ગયું—છાનામાંના
કૂદકવા—કુદવા
પાદર—ગામના ઝાંપા બ-બહારની જગા
તરાપ—ફાળ
ખોડ—જમીનમાં ખાડો

કરી રહેવાને બનાવેલી જગા (પશુઓની)

પાઠ ૯ મો.

રિસાળ—રીસ કરનાર
ભાઇ બહેનુ—ભાઇ બેન વગેરે સગાં
ઢોંગ—ફેલ [થયો
પસ્તાયો—જીવને બળાપો
વેદના—પીડા, દુઃખ
આડોશી પાડોશી—પાસેના ઘરના રહેનારા
મુદ્દલ—બલકુલ [યો
પાટલુન—બટનવાળો લેં-
સહેજ સહેજમાં—અમસ્તો અમસ્તો
છેડો—પાર
બને નહિ—ફાવે નહિ
જમણ—જમવાનું
પચવામાં—હજમ થવામાં
દિલગીરી—શોક, આજારી
ઓછું—થોડું
ગમ્યું—પસંદ પડયું
ચીસ—બૂમ
ટેવ—આદત
ભાગવવી—ખમવી, વેઠવી

પાઠ ૧૦ મો.

તાંતણે—તારે
નિર્ધાર—નક્કી
યત્ન—મેહનત
અનંત—ઘણોજ
બીડયે—બાઝયો, વળગ્યો
કરતા—બનાવતાં
જાળ—કરોળીઆને રહેવાનું ઘર [જાય
ગભરાય—અકળાય, મુંઝાય
વણ—વિના, વગર
શરૂ કરી—ચાલુ કરી
હેઠે—નીચે
ફાવ્યો—પાર પડયો
કો—કોઇ
ધાટ—ઘાટ, લાગ, ઉપાય, દાવ
મંડયો રહ્યો—વળગ્યો રહ્યો
હિંમત—ધીરજ
હોંશથી—ઉલટથી
ધીરજ—સબુરી
ખંતથી—ફિકરથી
ચગદાઇ—ચગદાઈ
વણમોતે—વગર મોતે
આળસ—સુસ્તાઈ
તજી—છોડી દઇ
લાભ—ફાયદો

કવિતાની સમજુતી. (૧)

અન્વય—કરોળીઓ જાળ કરતાં, ભાંય પડી ગભરાય, (પણ) વણ ત્રુટેલે તાંતણે, ઉપર ચઢવા જાય

અર્થ—કરોળીઓ પોતાની જાળ બનાવતાં નીચે પડી ગયો ને ગભરાવા લાગ્યો, પણ જે તુટયા વગરનો તાર હતો તેવડે ઉપર ચડવા જતો હતો.

(૨)

અન્વય—તેણે ઉપર ચઢવા માટે મહેનત શરૂ કરી, પણ પાછો હેઠે પડયો (ને) કો ધાટ ફાવ્યો નહિ

અર્થ—તેણે જાળ ઉપર ચઢવા સારૂ મહેનત ચાલુ કરી, પણ તાર હેઠળ પડયો ને કોઇ ઇલાજમાં ફાવ્યો નહિ.

(૩)

અન્વય--એ રીતે ફરી ફરી બે ત્રણ વાર મંડયો રહ્યો, પણ તેમાં નહિ ફાવતાં (પણ) ફરી તૈયાર થયો.

અર્થ—એમ ફરી ફરી બે ત્રણ વાર ચઢયો ને પડયો તો પણ તે મંડયો રહ્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ તોપણ ફરીથી ચડવાને તૈયાર થયો.

(૪)

અન્વય—હોંસથી હીંમત રાખી છઠ્ઠી વાર બીડયો, (તો) તે ધીરજથી નીર્ધાર જાળે જઈ પહોંચ્યો.

અર્થ—તે કરોળીઓ ઉમંગ ધરી, હીંમત રાખી, છઠ્ઠી વાર ચઢવા બાઝયો, એવી તેની હીંમતથી તે નક્કી પોતાની જાળે જઇ પહોંચ્યો.

(૫)

અન્વય—ફરી ફરીને ખંતથી (જો) યત્ન કર્યો નહિ હોત, (તો) પગતળે ચગદાઇને વણુ મોત મરી જાત.

અર્થ—એણે ફરી ફરી ઉલટથી જો મહેનત કરી હોત નહિ તો, લોકોના પગતળે ચગદાઇને વગર મોતે મરી જાત.

(૬)

અન્વય—એ રીતે જો માણસો, મનમાં ખંત રાખી, આળસ તજી, મહેનત કરે (તો) અનંત લાભ પામે.

અર્થ—એ પ્રમાણે જે માણસો મનમાં હોંશ રાખી, આળસ છોડી દઇને, ફરી ફરી મહેનત કરે તો તેને ઘણોજ ફાયદો મળે.

પાઠ ૧૧ મો.

ચકભિલ્લુ—એક જાતની રમત
કચ્છ—કાછડા, કછોટા
ભૂલથાપ—છેતરવું, ચૂક થવી
ચક્કર—ગોળાવા
રપોટપ—ઝટ ઝટ
પેંતરા—પગલાં
બહાદુરી—હોંશિઆરી
રમત—ગમત
વેળા—વખત
હારો—લઇનો
ગઢ—કિલ્લો
ભિલ્લુ—સોબતી, ભિરૂ
ઠાકોર—ગરાશીઓ
સરદાર—લશ્કરનો ઉપરી
સાથ—ટોળાં
આસપાસ—આજુ બાજુ
શરૂ કરી—ચાલુ કરી
અંતરે—છેટે
વચ્ચે—મધ્યે
ઘૂમી—ઝઝુમી
સાથી—સોબતી
ગમ—તરફ, બાજું
મેર—તરફ, બાજુ
દાવ—ખેલ, રમત

પાઠ ૧૨ મો.

દઢ—મજબૂત
છુટ્ટી—રજા
મિત્ર—ભાઇબંધ
ગેડીદડા—લાકડીને દડાની દેશી રમત
લાચાર—નાઇલાજ
ભાઇબંધ દોસ્ત
છોડાય—મૂકાય
ડગલું—પગલું
રંગ—મઝા
જામ્યો—ખીલ્યો
મઝા—ગમ્મત
વચન—કોલ, કબુલાત
ખાતરી—ભરોસો
સુનું—એકલું
યાદ આવે—સાંભરે
ક્યાંએ—કોઇ ઠેકાણે
પીડા—પંચાત
મરજી—ઇચ્છા
ફરવા—ફરવા, ચળવા

પાઠ ૧૩ મો.

કુટુંબ—સગા, સહોદર
માલમત્તા—પુંજી, સરસામાન
સોહામણી—શોભીતી
અર્ધું—અરધનું
સ્વાદે—લહેજતે
ભપકાદાર—ઠાઠવાળા
મુલક—દેશ
ગણગણતી—અવાજ કરતી
મીઠું મીઠું—ગળ્યું ગળ્યું
છંછેડે—છેડે, અડકે
ડંખીએ—ચટકો ભરીએ
ચાહે—હેત કરે
પીઠ—વાંસો
ચકચકે—ઝગઝગે
ઘાટ—આકાર
સુંદર—સારો
ફુટડા—રૂપાળા
ગામના—ખપના
ઉલટા—સામા
કોરી—કાણાંપાડી
બગાડો—ખરાબ કરો
દુભાવોછો—દુઃખ થાય એમ કરો
નુકશાન—બગાડ
વલે—હાલ
નડીએ—હરકત કરીએ
ભલુ—સારૂં

બુરૂં—નઠારૂં
ડાહ્યા—શાણા
ઉપયોગમાં—ખપમાં

પાઠ ૧૪ મો.

પુતળાં—રમકડાં
મોજમઝા—રમત ગમત
સાજું—ભાંગ્યા વિનાનું
ઉલટભેર—ઉમંગથી
અંગેઠી—તાપણી
મોસાળ—માનું પિયર
મોળાઇ ભાઇ—મામાનો દિકરો
સરખા—બરાબર
ગમે તેમ ફાવે તે રીતે
હરખાયો—ખુશી થયો
તલપી તૈયાર થઇ
ઠેસ—ઠોકર
વાગવાથી—લાગવાથી
કકડા—ટુકડા
પોતલી—પોતડી
ભાંગેલું—તુટેલું
છુટી—ભાગી
હોંસભેર—હરખભેર
વાંક—ગુનો
વિચાર—મનસુબો
સમજ—અક્કલ બુદ્ધિ
નકામી—ફોકટ
ઉતાવળ—ઝડપ

પાઠ ૧૫ મો.

ઢીંગલી—ચીંથરાની પુતળી
સહીઅરો—બેનપણીઓ
સંતાપ—દુઃખ
કલેશ—કજીઓ, કંકાસ
ચીથરાં—જુનાં ફાટેલા લુગડાં
વિવાહ—લગન
નિંદે—બદબોઇ કરે
ખેંચતાણ—તાણાતાણી
કટ્ટા વેર, શત્રુ ।
બળવંતા—જોરાવર
તખતો—આરસો
સરી પડયો—લપસી પડયો
બરડ—ઝટ ભાગે તેવો
પછાડીએ—અફાળીએ
કાયર—હેરાન
પજવે—દુઃખ દે, હેરાન કરે
આઘો—દૂર
વેળાસર—વખતસર
શણગારવી—કપડા પહેરાવવાં
સરસ—સારૂં
દીઠું—જોયું
હળીમળીને—સંપીને, હેતથી
હેત—પ્યાર
સુખચેન—મજા, આનંદ
શોક—દીલગીરી
લાજ—આબરૂ
ઘટે—ઓછી થાય
સદા—હમેશાં
લેશ—જરા

કવિતાની સમજુતી. (૧)

અન્વય—હે બેન ? આપણે બંને જણ મળી, સંપી રમીએ તો સુખ ચેન (થાય) લડે રડે તો સઘળો શોક (થાય), લાજ ઘટે ને લોક નિંદે.

અર્થ—હે બેન ? આપણે બંને જણ ભાઇબેન મળી, સંપીને રમીએ તો સુખચેન થાય, પણ જો લઢીએ વઢીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોક બદબોઈ કરે.

(૨)

અન્વય—(હે) બળવંતા પરમેશ્વર બાપ, અમને તું સદા સંપ આપ, જેથી (અમારા) દા'ડ સુખમાં જાય,(અને) કદીએ લેશ (પણ) ક્લેશ ન થાય.

અર્થ—હે જોરાવર બાપ ઇશ્વર! તું અમને હમેશાં સંપ આપ, જેથી કરીને અમારા દિવસો સુખમાં જાય, અને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ.

(૩)

અન્વય—બાળક હળતાં મળતા હોય, કદીએ લડે રડે નહિ કોય (અને) રમે જમે ને ગીતો ગાય, (તો) માતા મનમાં રાજી થાય.

અર્થ—છોકરાં હળી મળીને રહેતાં હોય, ને કોઇને કદી લઢેવઢે ન ..., અને તેઓ સાથે રમી જમીને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થા...

પાઠ ૧૬ મો.

બાળ—બાળક
શ્રીરામ—દશરથનો દીકરો, ઘણા શક્તિવાળા માણસનું નામ
કૌશલ્યા—રામની મા
પ્રધાન—મુખ્ય કારભારી
દર્પણ—આરસી
ઇચ્છા—મરજી
તરેહતરેહનાં—જાત જાતનાં
ફાંફાં—વલખાં
ગણકાર્યું—ધ્યાન દીધું
ડસકાં—ડચકાં
રોણું—રડવું
જારી—ચાલુ
ખીજવાયા—ચીડવાયા
ગોદમાં—પાસામા
મધુર—મીઠું
ધીરા—શાંત
મહારાજા—મોટા રાજા
દશરથ—અયોધ્યાના રાજા, રામના બાપ
છાના—ચૂપ

પાઠ ૧૭ મો.

બ્રાહ્મણ—વિપ્ર
ગુસ્સો—રીસ, કોપ
ભાગી તૂટી—જકી તેવી બરાબર નહિ સમજાય તેવી
વિદ્યાર્થી—નિશાળે ભણતો છોકરો
મૂર્ખ—ડોઠ
પુત્ર—છોકરો
જોડું—ખાઇડી બાયડીં, એજણ
પરવારી—નવરી થઇ
ભક્તિ—ભજન
કથા—પ્રભુ મહિમાની વાત
ગુજરાન—પોષણ
ઓછું આવતું—દુ:ખલાગતું

વેળાએ વેળાએ—વારે ઘડીએ
આધાર—આશરો, ભરોસો
આંગણામાં—બારણામાં

નોળીઓ—એક જાતનું જાનવર
તરફડતું—ફડફડતું
મહેર—કૃપા
અભાગણી—કમનશીબ

બચાવનાર—ઉગારનાર
વળે—ફરે
પસ્તાઈ—મનમાં બળાપો કરી
જાન—જીવ

કવિતાની સમજુતી.

જે માણસ વિચાર કર્યા વગર ઉતાવળથી કામ કરે છે, તે પછવાડેથી મનમાં બળાપો કરે છે, એવાં વિચાર કર્યા વગરનાં કામ કરવાથી સારા સારાના જીવ જતા રહે છે. (મરી જાય છે)

પાઠ ૧૮ મો.

હોશિઆર—ચાલાક
હુંફાળું-ગરમી આપે એવું
ગાર્ડ-દેખરેખ રાખનાર
પંપાળી—હાથ ફેરવી (શરીરે)
ખબરદાર—બહાદુર
સરનામું—ઠેકાણું, પતો
કેળવ્યો—શીખવ્યો
સ્ટેશન—આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું
છાપખાનાવાળા-વર્તમાનપત્ર કાઢનાર
સિસોટી—પીસવો
મિનિટ—કલાકનો સાઠમો ભાગ
સંદેશો—ખબર
ખોડંગતો—લંગડાતો
માયાળુ—હેતવાળો
પાળ્યો—ઉછેર્યો
દીપડો—નાનો વાઘ
છાપું—વર્તમાનપત્ર
શાબશી—ધન્યવાદ બાહાદુરી
ગોઠવણ—બંદોબસ્ત
ફેંકજો—નાખજો
નીમેલ—નક્કી કરેલ
અવાજ—સાદ
ડરેલો—બીનો. [જોરથી
ઝપાટાબંધ—જેસ ભેર

પાઠ ૧૯ મો.

ભલો—સારો
હીંચકા—ઝુલા
ઠીમણું—ટેકો
રીતસર—બરાબર, સારી રીતે
વેગળા—દુર
તોફાની—મસ્તીખોર
છાતીવાળો—હીંમતવાન
દોરડું—રસી
ઠરાવ—ધારો
હિંચોળે—ઝુલાવે
વારો—વખત
ગરીબ—કંગાલ
ઉલટું—સામુ
દયા—રહેમ
હડસેલી—ધકેલી
બકાડી—વળગાડી
પેટભરી—સારી પેઠે
પાડ—ઉપકાર

પાઠ ૨૦ મો.

પાદશાહ—મુસલમાનરાજા

સુબો—સરદાર
સમજુતી—શિખામણ
ફરજંદ—છોકરાં છૈયાં
ગુનો—વાંક
તહેનાત—પાસે, હજુરમાં
ઓધ્ધો—અખતિયાર, પદવી, નોકરીની જગા
નીમણુક—ગોઠવણ
છોકરવાદી—બાળબુદ્ધિ
ચીતરામણ—ચિત્ર
રૈયત—પ્રજા
ખંત—હોંશ
દરબાર—રાજસભા
દેખાવડો—રૂપાળો
હુકમ—ફરમાન
ખાસ—ખાનગી
ફરમાવશો—કહેશો
મોંએ ચઢેલો—બોલવાની છુટ લેનારો
અરજ—વિનંતી
અલ્લા—ઇશ્વર
ખેલતો—રમતો
દીલમાં—મનમાં
બદલાઈ—ફેરવાઈ
દીલગીરી—શોક, ઉદાસી
કઠણ—સખત, દયાવગરનો
હૈયાનો—મનનો
રદ—બાતલ, કાઢી નાંખવું

પાઠ ૨૧ મો.

ઢેકા—ટેકરા
ઢળીઆ—ખાડા
ધોરી—મોટા
કોહલાં—શીઆળ
ખોખારો—અવાજ
ભોંય—જમીન
ગભરાયો—અકળાયો
તરસ—સોસ
ખરે—સાચે
દુવા—આશિષ
ચસાતું હીંડાતું
ખભે—ખાંધે
લાભ—ફાયદો

પાઠ ૨૨ મો.

પડછાયો—ઓળો, છાંયો
ભાગોળ—દરવાજો
કિનારે—કાંઠે, આરે
દાનત—નિયત
થોભીશ—ઉભો રહીશ
ભાગ—હિસ્સો
પાર—બાજુ
દોડતો—નાસતો
કુદકો—ઠેકડો
થાક ખાવો—વિસામો લેવો
અદેખો—દેખી ન ખમાય એવો
લોભી—લાલચુ
તળીએ—નીચે
ખોળ—શોધ
ગુમાવ્યું—ખોયું
તાકે—ઇચ્છે, મરજી કરે

પાઠ ૨૩ મો.

ઠગ—ધુતારો
ખરીદ—વેચાતું લેવું તે
દરકાર—કાળજી, તમા
જનોઈ—ઉપવીત, બ્રાહ્મણ સુતરના ત્રણ તારનું પહેરે છે તે
હડખાએલા—કરડવા પર ચઢેલા
સંદેહ—વહેમ
ઠાવકું—ઠેકાણે
અભડાયો—અડકાયો, અપવિત્ર થયો
વાટમાં—રસ્તામાં
પડાવી—લઇ
અચરજ—નવાઇ
ગણકારતાં—લેખવતાં
બદલે—સાટે
રખે—કદાપી, કોણ જાણે
લાગે—વળગે, થાય
ધારી—જાણી
શિકારી—પારધી
બચકું—ડાચું
ખામી—ખોડ

ઉચક્યાથી—ઉપાડ્યાથી
ખુલ્લું—ઉઘાડું
ભરેસો—વિશ્વાસ

પાઠ ૨૪ મો

ગોળમટોળ—પૂરો ગોળ
ચટાપટા—રંગીન લીટા
છાનોમાનો—ચૂપચૂપ
લડતો—વઢતો
પૂછીને—કહીને
ચળકતો—ઝગઝગાટકરતો
બગાડ્યું—ખરાબ કર્યું
છીનવી—ખુંચાવી
ચોર—છુપી રીતે બીજાની વસ્તુ લઇ જનાર
બીજાનું—પારકું
રાજા—દેશનો ધણી

સજા—શિક્ષા
શિખામણ—ફાયદાની વાત
ભૂલીશ—વિસરીશ

પાઠ ૨૫ મો.

ડર્યો—બીન્યો, બીધો
સમાતાં—અંદર પેશી જતાં
નિહાળ્યું—જોયું
સંપત—પૈસા
ઝૂલતા—હીંચતા
પિતાની—બાપની
કુહાડી—લાકડા ચીરવાનું હથીયાર
ભાયડો—મોટો માણસ
બહાદુર—જોરાવર
શાણો—ડાહ્યો

ઘાવ—ફટકો
ભાળે—જુએ
ઝાંપે—દરવાજે
નીર—પાણી
તાંહી—ત્યાં
દીલે—મનમાં
ચીસ—બુમ
સુણી—સાંભળી
ભલાં—સારાંગુણવાળાં
દેવી માતા—દેવની સ્ત્રી શક્તિ
વદે—બોલે
માથું હલાવી—ડોકું ધુણાવી
મેહેર—દયા
જગનાથ—પરમેશ્વર

કવિતાની સમજુતી

૧

અન્વય—નાનો બાળક પિતાની કુહાડી લઇ, બહાદુર (ને) શાણો હોય (એવો)ભાયડો બન્યો; કંઇ ચીજ ભાળે (તે પર) ઘાવ કરે,(ને) કાપે (એમ) ખેલતો ગામ ઝાંપે તળાવે ગયો

અર્થ—નાનો છોકરો બાપની કુહાડી લઇ, જોરાવર અને ડાહ્યો પુરૂષ હોય તેવો બન્યો, તે કંઇ વસ્તુ જુએ તેની પર ફટકા મારે, ને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો

૨

અન્વય—તાંહી માછલે જરા નીર હલાવ્યું (તેથી) બાળકે પાણી માંહી કંઇ નિહાળ્યું, (તેથી) બાળ દીલે ડર્યો (અને) કુહાડી તો પડી તે ઘડી ત્યાં બહું ચીસ પાડી રડ્યો

અર્થ—ત્યાં માછલાંએ કુદીને જરા પાણી હલાવ્યું તેથી તે છોકરાએ તળાવમાં પાણીમાં જોયું; તે જોતાંજ તે છોકરો મનમાં બીધો તેથી હાથમાંના કુહાડી પાણીમાં પડી ગઇ, તે વખતે બહુ બુમ પાડીને રડી પડયો

૩

અન્વય—સાદ સુણી સદા પાણીમાં ઝુલતાં ને સમાતાં (હતાં તે) ભલાં દેવી માતા આવ્યાં, (તે) દેવી વદે (કે) આ રૂપાની કુહાડી લે, બાળ કહે, માતા મારી (કુહાડી) એવી નથી

અર્થ—તેનો રડવાનો અવાજ સાંભળીને હંમેશાં પાણીમાં તરી શકનારા અને અંદર પણ રહી શકે એવાં અને સારાં દયાવળાં દેવીમા બહાર આવ્યાં ને તે બોલ્યા કે આ રૂપાની કુહાડી લે, ત્યારે છોકરો બોલ્યો કે, હે મા! મારી કુહાડી એવી નથી

૪

અન્વય—બીજી વાર સોનાની લાવી બતાવી (તો) એ બાળ માથું હલાવી કહે (કે) (એવી મારી) નહિ મને તો મારી સારી કુહાડી ગમે (છે). (તે હે) ભલાં માત પાણી માંહેથી કાઢી દો,

અર્થ—માતાએ ફરીવાર સોનાની કુહાડી લાવીને બતાવી, એટલે એ છોકરાએ માથું હલાવીને કહ્યું કે એ મારી નથી, મને મારી સારી કુહાડી ગમે છે, માટે હે દયાળુ મા! મને તે પાણીમાંથી કાઢી આપો

૫

અન્વય—દેવીએ કાઢી દીધી, (ને) બાળક સાથે બોલી (કે) તને સુખ, સંપત હોજો (ને તારાપર) જગનાથ મેહેર કરે

અર્થ—માતાએ તેની કુહાડી કાઢી આપી ને કહ્યું કે તને સુખ અને પૈસા ટકા ઘણા મળજો અને તારાપર પરમેશ્વર ઘણી દયા કરજો.

પાઠ ૨૬ મો.

ભરપુર-ભરેલો. વાળો.
દેશાવર -પરદેશ
વેપારી-વેપાર કરનારા
ખૂબસુરત-રૂપાળો
અરદાસ ચાકરી
પૈસે ટકે-ધન દોલતે.
ખાલી-ઠાલો, વિનાનો
હાલત-સ્થિતિ.
બગડતી-ખરાબ થતી
માલુમ પડે-જણાય
ખૂટી-ઓછી થઇ
ઉમદા-ઘણોજ સારો
કપરા-આકરા, સખત
લાચાર-નિરાશ,નિરૂપાય
મુસ-કિંમત
ઠરાવ-નિશ્ચય
મુકામે-ઉતારે
હૈયું-મન
પંપાળતાં હાથ ફેરવતાં
પરદેશી-બીજા દેશનો રહેનાર
ચાકરી-અરદાસ
પરવડે-પાલવે

પાઠ ૨૭ મો.

ભરાવ-સારો ઘાટ બંધ ફુલેલું દેખાવું તે
ખડખડાટ-અવાજ
પાતળા-દુબળા
વટાવી-ઓળંગી
સંકટ-દુઃખ
પારધી-શીકારી
ઝરા-વહેળો,ઝરણું
પડછાયો-ઓળો
શોભે-સારું દેખાય
નારાજ-ગુસ્સે [લવા
બડબડવા-ગમે તેમ બોલવા
લજવ્યું-શરમાવ્યું
કુટડા-રૂપાળા [લવું
લલકારવું-પડકારીને બોલવું
ચમકી-ચોંકી, ઝબકી
છલંગ-ફાળો
આઘે વેગળું
કેડો-પુઠ
પાધર-સપાટ જમીન
ઝાડી-જંગલ
ચોપાસ-ચારે તરફ
ફેલાએલી-વિખરાએલી
વળ્યું-ફાવ્યું
ઝાલ્યું-પકડયું
વખોડતું-નિંદતું
બચાવ્યું-ઉગાર્યું
મોહી પડી-પ્રેમ લાગ્યો
ફસાવી-સપડાવી
વખાણવી-તારીફ કરવી

પાઠ ૨૯ મો.

નકલ-વેશ
શિઆળ-કોહલું
રંગરેજ-કપડા ને પાઘડી રંગનાર
જરદી-પીળા રંગનુંપાણી
ધગધગતા-ઉનીઉની
વાઘ-ફાડી ખાનારપ્રાણી
શહેર-મોટું ગામ
ગભરાયું-અકળાયું
પાસ-રંગ બેસવો તે, અસર થવી
જંગલ-વન
ડરે-બીએ
ચાલવા-વરતવા
પ્રાણી-જનાવર
ગભરાશો-ડરશો
પ્રધાન-કારભારી
કોઢ-લોઢું ગાળવાનીભઠ્ઠી
ધગધગતા-ઘણાજ ઉના
ખુન-નહારા
હાલ-ચલે

પાઠ ૨૯ મો.

પિએર-સ્ત્રીના બાપનું ઘર [જવલેજ
રડયું ખડયું-કોઇકજ, કરી
ટાંકણે-વેળાએ [કરી
ચડભડી-ચઢીજઇ, ગુસ્સો
ભારેખમ-માનવાળાં
વરો-જમણવાર
નડવા-હેરાન કરવા

લેખવે—ગણે
મોંઘે ભાવે-વધારે કીમતે
ખપ—જરૂર, કામ
શેખી—પતરાજી
રંક—ગરીબ
ઉપયોગમાં—કામમાં
માન—આબરૂ

પાઠ ૩૦ મો.

આપકર્મી—જાતે કમાઈને ખાનાર [ખાનાર
બાપકર્મી—બાપનું આપેલું
ઓચીંતી—એકદમ, વગર જાણે
વરમાળ-લગનવખતે વરને પહેરાવવાની માળા
રાજપાટ—રાજાની ગાદી
તડંગધુમ—નોબતનો અવાજ
પ્રાર્થના—સ્તુતિ
પહેરામણી—પરણ્યા પછી વહુને ઘેરથી આવેલી ભેટ
તીર્થ-દેવની પવિત્ર જગા
સવારી—એક રાજાએ બીજા રાજાના રાજ ઉપર લશ્કર લઈ ચઢાઈ કરવી તે
ભાભી—ભાઈની વહુ
વતન—પોતાનું ગામ
નોકરીમાં—ચાકરીમાં
તરાપ—છલંગ
ઠેકાવી—કુદાવી
ઉડાવી દીધું-કાપી નાંખ્યું
સેનાનો—લશ્કરનો
ઉપરી—સરદાર
સમ—વખત
હિંમત—હામ [જ
લુણ—નીમક મીઠું અના-
ફતેહ—જીત [ળમાં
દેહરામાં—મંદિરમાં, દેવ
ડંકા—નોબત
નિશાનો—ધજાઓ
તક—લાગ, દાવ
ઠેકડે—છલંગે
નાસ ભાગ—નાસાનાસ

પાઠ ૩૧ મો.

બળદ—આખલો
તડુકતો—બુમ મારતો
ચડાઉ—ગરમસ્વભાવની
ખાબોચીઆમાં—પાણીના ખાડામાં
મમત—હઠ
આગળ—પહેલાં
ફુલાવ્યું—ઉપસાવ્યું
વેઠે છે—ખમે છે.
ગુસ્સે—ક્રોધે
ગજા—શક્તિ

પાઠ ૩૨ મો.

સાહુકાર—શેઠ, પૈસાદાર
તળાવડી—નાનું તળાવ
બેદરકાર—ગરજ વગરનો
બોરીઆં—બટન
શિખામણ—બોધ
ખરડાએલે—બગડેલે
ભિખારી—કંગાલ, ગરીબ
લપસી—ખસી
ઉપકારનું—પાડનું
યાદ—સાંભરવું
ધ્રુજતો—થરથરતો
ખાદી—ગજ પનાનું જાડું કાપડ
બફારાના—ગરમીના
મોડું—અસુર
રોગો—મંદવાડ

પાઠ ૩૩ મો.

ભણેલા—શીખેલા
ગણેલા—વિચાર કરનાર
ખાતરી—સાબીતી
શેલો—પથરા

ખંતીલ—ઉમંગી
અંગુઠીઆં—પગની મોટી
આંગળીએ પહેરવાનું
રૂપાનું ઘરેણું
રાજમાર્ગ—મોટો રસ્તો
સ્ત્રી—બઈરી [ઝરો
વહેળો—વહેતા પાણીનો
ઢુંકડું—નજીક
ભાઈબંધી—દોસ્તી
જડતો—મળતો
વેપાર—રોજગાર, ધંધો
પાડોશમાં—પાસે, નજીક
ફાટ—ચીરો
જોડા—પગરખાં
જોટવાં—પગની આંગ-
ળીએ પહેરવાના રૂ-
પના કરડા
શરૂ—ચાલુ
ધોબી—કપડાં ધોનાર
છેક—બીલકુલ
વસ્યા—રહ્યા
પુષ્કળ—ઘણાં
પૈસા—દોલત, પુંજી

પાઠ ૩૪ મો.

મહિમા—મોટાઇ
જગપતિ—પરમેશ્વર
તરૂપાન—ઝાડપાન
શીતળ—ઠંડો, ટાઢો
સરજનહાર—પેદા કરનાર
સરિતા—નદી
નવરંગી—ભાતભાતનાં
ઘાટ—ઓવારો, આરો
ચાવણું—ખાવાનું
જગમાં—દુનિયામાં
સરજાવ્યા—પેદા કર્યાં
સંસાર—દુનિયા
ખીલતાં—ફુલતાં
ગાન—ગીત, ગાયન
શોભતા—સારાં દેખાતાં
કરાડ—ભેખડ, નદીના
કિનારાનો જે ભાગ
ઘણો ઉંચો ને સીધો
આવેલો હોય તે

સિંધુ—દરિયો, સમુદ્ર
રચના—બનાવટ
રળિઆમણી—શોભીતી
નગર—શહેર
વાટ—રસ્તો
શિઆળો—ટાઢની મોસમ
ઠંડક—ટાઢક [સમમાં
ઉનાળામાં—ગરમીની મો-
નિર્ધાર—નક્કી [ઋતુમાં
ચોમાસામાં—વરસાદની
ઝુલતાં—ઝટકતાં
મધુર—મીઠા
નાદ—શબ્દ, અવાજ
સુદ—અજવાળીયું
કળ—પ્રકાશ
વદમાં—અંધારીઆમાં
દીસે—દેખાય
મેદાન—સપાટ જમીન
જળ—પાણી
આંખડી—આંખ
કળા—લીલા
કળીજાય—સમજાય
સરજી—બનાવી

કવિતાની સમજુતી. (૧)

અર્થ—જગપતિએ જગમાં અપાર રૂડી રચના રચી (છે તે) સંસાર (માં) નાનાં મોટાં પ્રાણીએ સરજાવ્યાં.

અર્થ—પરમેશ્વરે દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે, ને નાનાં મોટાં બધાં પ્રાણીઓ તેણે બનાવ્યાં છે.

(૨)

અન્વય—નવરંગી ખીલતાં ફુલ, ગાન ગાતા પંખી, સુંદર રંગે શોભતાં, રૂપાન અને પાંખ.

અર્થ—જુદી જુદી જાતનાં ફુલતાં ફુલ, ગાયન ગાતાં પંખીઓ, ઝાડનાં પાન અને જુદી જુદી જાતનાં પંખીઓની પાંખો મજાના રંગ વડે શોભે છે

(૩)

અન્વય—મોટા પહાડ, કરાડ સિંધુ, સરિતા ઘાટ, નગરને વનવાટ આ રળિઆમણી રચના કરી (છે)

અર્થ—મોટા પર્વતો, ભેખડે, સમુદ્રો, નદીઓ, ઓવારા, શહેરો અને જંગલોના રસ્તાની આવી શોભીતી બનાવટ પરમેશ્વરે કરી છે

(૪)

અન્વય—શિઆળે શીતળ પવન ઠંડક સાર આપે. ઉનાળામાં સૂર્યના તાપ નીરધાર તપે (છે)

અર્થ—ટાઢની મોસમમાં ટાઢો વા સારી રીતે ઠંડક આપે છે, ગરમીના મોસમમાં સૂર્યનો તાપ નક્કી ઘણોજ તપે છે

(૫)

અન્વય ચોમાસાના દિવસમાં વરસાદ વરસે છે, ઝાડે ઝુલતાં ફળ જો (અને) મોરના મધુર ન[illegible] (સાંભળ)

અર્થ—વરસાદના દિવસોમાં વરસાદ [illegible] ઝાડ પર ફળો લટકતાં દેખાય છે અને મોરના મીઠા [illegible] સંભળાય છે

(૬)

અન્વય—ચંદ્ર તણી કળા સુદમાં આનંદ આપે છે, (ને) વદમાં તારા તેજનો રૂડો રંગ દીસે (છે)

અર્થ—અજવાળીઆમાં ચંદ્રનુ અજવાળું મજા આપે છે અને અંધારીઆમાં તારાના તેજનો રંગ શોભીતો દેખાય છે

(૭)

અન્વય—રમત ગમતને કારણે મોટાં મેદાન છે વળી જળ મહીં વેલાં ને પાન કેવાં તરતાં (દેખાય છે)

અર્થ—રમત કરવાને માટે મોટી સપાટ જગ્યાઓ છે અને પાણીના તળાવોની અંદર વેલાઓ અને તેમાં પાંદડાં કેવાં તરતાં દેખાય છે

(૮)

અન્વય—(હે) ભગવાન ! (તેં) જોવા આંખડી આપી સાંભળવાને કાન (આપ્યા અને) બોલવા જીભ બનાવી, (એ) ભલું કર્યું

અર્થ—હે પ્રભુ ! તેં જોવાને આંખ આપી, સાંભળવાને કાન આપ્યા, અને બોલવાને જીભ આપી એ સારૂં કર્યું છે

(૯)

અન્વય—દાંત સાથ ચાવણું દઇ બહુ ઉપકાર કીધો (હે) સરજનહાર (તેં) કળા સરજી (તે) કળા જાય નહિ

અર્થ—દાંત અને વળી ખાવાનું આપી બહુ ગુણ કીધો છે, હે મારા પેદા કરનાર પરમેશ્વર તેં જે જુકિત કરી છે તે સમજી શકાય તેમ નથી

પાઠ ૩૫ મો.	છજેલ–પથરાએલી	એશ–મઝાનું, સુંદર
વસંત–પાનખર	તંબુ–કપડાનું ઘર	ઘોળીને–પાણીમાં ઓગાળીને
ઋતુ–મોસમ	ધજા–નિશાન	
વિશાળ–મોટા	વાવટા–તોરણ, નિશાન	બાગ–ફુલવાડી,બગીચો
પલ્લવ–પાંદડાં	પૃથ્વી–જમીન	ગુંજાર–ગું ગું
રહોય–સારાં દેખાય	કલ્લોલ–આનંદના પોકાર	મોર–આંબાનાં ફુલ
વનસ્પતિ–ઝાડપાન	તીતર–એક જાતનું પક્ષી	ચાંદની–અજવાળી રાત્રી

કવિતાની સમજુતી. (૧)

અન્વય—વિશાળ વડપર છજેલ વેલ, જાણે તંબુ તાણેલ તે. (અને) કેળ, નાળિએરી ને તાડ, એ ઝાડ ધજા વાવટા રૂપ (છે)

અર્થ—મોટા વડના ઝાડપર પથરાએલી વેલ તે જાણે મોટો તંબુ ઉભો કર્યો હોય એવું દેખાય છે, અને કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ એ ધજા અને નિશાન રૂપ હોય એમ દેખાય છે

(૨)

અન્વય—પીળાં પાકાં પાન હોય (તે) ખરી પૃથ્વી પડે (ને) વનસ્પતી શરીરે નવાં પલ્લવ ધરી રહોય

અર્થ—ઝાડનાં પીળાં ને પાકાં પાન હોય તે ખરીને જમીન ઉપર પડે અને તમામ ઝાડોની ડાળીઓને નવાં પાંદડાં આવે છે, તેથી શોભે છે

(૩)

અન્વય—કોયલ મીઠા બોલ બોલે, મેના પોપટ કલ્લોલ કરે, તીતર, કબુતર (વીગેરે) વિશેષ પંખી રાગ ગાય ને બેશ નાચે

અર્થ—કોયલ મધુર શબ્દ બોલે, મેના પોપટ ખુશીના પોકાર કરે, તીતર, કબુતર અને બીજા ઘણાં પક્ષીઓ સુંદર રાગ ગાય ને સારો નાચ કરે

(૪)

અન્વય—લોક કેસુડો રંગ ઘોળીને હોળી ખેલે, બાગમાં ફુવારા ઉડે, (અને) ચૌટા (ને) ચોક છટે

અર્થ—લોક કેસુડાના ફુલનો રંગ પાણીમાં ઓગાળીને તેના વડે હોળીમાં રમે, બજાર અને ચોકમાં રંગ છાટે છે અને બાગમાં ફુવારા ઉડે છે

(૫)

અન્વય—ભમરાઓ ગુંજાર કરતા, ઝાડ પર અપાર નવરંગ (અને) આંબા ઉપર મોર શોભે (અને) ચાંદની ચારેકોર ખીલી (રહી છે)

અર્થ—ભમરાઓ ગુંજાર કરતા, ઝાડોપર અપાર જુદીજુદી જાતના ઘણા રંગ ખીલી રહ્યા છે, આંબા ઉપર તેને મોર શોભે છે, અને ઘણી મજા આપે એવી અજવાળી રાત્રી ચારે તરફ ખીલી રહી છે

(૬)

અન્વય—જન સ્વાદે શીખંડ ખાય (અને) શીતળ નીર પીએ (છે) પશ્ચિમ દક્ષિણ પવનથી શરીર સુખીઉં થાય (છે)

અર્થ—માણસો લહેજતથી શીખંડ ખાય અને લોકો ટાઢું પાણી પીએ છે, પશ્ચિમ અને દક્ષિણ દિશામાંથી પવન વાય છે તેથી શરીર સુખી બને છે

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૨ જો.

પાઠ ૩૬ મો.

ટેકરા–ઉંચી જમીન
દિશા–બાજુ
પશ્ચિમ–આથમણી
ઉગમણી–પુર્વ
કસરતશાળા–કસરત કરવાની જગા
ઓળો–પડછાયો
ઉત્તર–પુર્વ તરફ મોં કરી ઉભા રહેતાં ડાબા હાથ તરફની બાજુ
પુર્વ–ઉગમણી
આથમણી–પશ્ચિમ
દક્ષિણ–પુર્વ તરફ મોં કરી ઉભા રહેતા જમણા હાથ તરફની દિશા
સામે–સામી બાજુએ
હાર–લાઇન ઓળ
પડછાયો–ઓળો
છેક જ–બીલકુલ, તદન
હરકોઈ–કોઈ પણ
કઠણ–અઘરી
દીઠામાં–જોવામાં
પીઠ–વાંસો

પાઠ ૩૭ મો.

નકશો–ગામ કે દેશનો નમુનો
લંબાઇ–લાંબી બાજુ
માસ્તર–મહેતાજી
સ્લેટ–પત્થર પાટી
પહોળાઇ–પોહોળું
ફુટપટી–ભરીને લંબાઇ માપવાનું ઓજાર
ગેલેરી–પાયરી, પગથી
બેસતા વરસ–નવા વરસ
માથીઓ–ચુના કે ચોખાના લોટથી ચીત્રેલા ચિત્ર, ચોક
માપ–ભરત
મથાળે–ઉપર
માય–સમાય
રસ્તો–ઉપાય, ઇલાજ
ઇંચ–ફુટનો બારમો ભાગ, પૈસા જેટલી લંબાઇના જગા તે ઇંચ લાંબી કહેવાય
ભુસી–બગાડી
મધ્યમાં–વચ્ચમાં
થોર–એક જાતના કાંટાવાળાં ઝાડવાં
કરા–ઘરની બે બાજુની ભીંતો
ખાલી–ખુલ્લી
બેઠકો–બેસવાની જગા
ટેબલો–મેજ

પાઠ ૩૮ મો.

નિશાન–એંધાણી
ગોચર–ઢોરોને ચરવાની છુટી જગા
આગગાડી–વરાળથી ચાલનારી ગાડી
સ્ટેશન–આગગાડીને ઉભી રહેવાની જગા
આણી–લાગ્યો
ડગલાં–પગલાં
ચીતરવી–દોરવી
નદી–વહેતાં પાણીનો ઝરો
મથક–ઠેકાણું

પાઠ ૩૯ મો.

પોપડા–પડ, બીડ

બાહું-નદીના તળીઆ-
માં કાંપ ઠરેલી જગા
આંબાવાડી-આંબાના
ઝાડોવાળી જગા
ડાંગર-જેમાંથી ચોખા
નીકળે તે
નિચાણ-ઢળતી જગા
ક્યારડા-ડાંગર પકવવાનાં
ખેતર
વર્ગ-કલાસ
વગડામાં-જંગલમાં
ઘાસ-ચારો
વળ્યા-ફર્યા
પેલીમેર-બીજી બાજુ
વહેળો-નાની નદી
ઢાળ-ઢોળાવ
દેખાવ-દેખાતો આકાર
દહેરૂં-શીવનું મંદિર
ધજા-નિશાન

ટાઢો-ઠંડો, શીતળ
મઝા-ગમત
કાંઠા-કિનારા
ચાલાક-હોશિયાર [ગા
વહેણ-વહેતાપાણીનીજ-
પાર-બાજુ
સુગમ-સહેલું
મસ-વધારે

પાઠ ૪૦ મો.

અધિકારીઓ-કારભા-
રીઓ
હવાલદાર-ગામપર દે-
ખરેખ રાખનાર
સરકારી-રાજાની મા-
લકીનું
વારાવાળા-વારા પ્રમાણે
કામ કરનાર
રાવણીઓ-ગામનો નોકર

હુંડી-બીજે ગામથી પૈસા
મળવાનો કાગળ
બંદોબસ્ત-ગોઠવણ
મામલતદાર-વહીવટદાર
ટપાલી-કાસદ, કાગળ વ-
હેંચનાર [પનાર
દાકતર-અંગ્રેજી દવા આ-
મોસાળ-માનું પિયર
ચોરામાં-ગામના અધિ-
કારીને બેસવાની જ-
ગામાં [રી
મુખી-પટેલ,ગામનો ઉપ-
હુકમ-ફરમાન [તાના
ભરણાના-વેરાના, હપ-
તલાટી-ગામની વસુલાત
ઉઘરાવનાર
તપાસે-જુએ
દવા-ઓસડ

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૩ જો.

પાઠ ૪૧ મો.

સવાર-પ્રભાત
સોનેરી-સોનાના રંગનો

વનસ્પતિ-ઝાડપાલો
અંગારા-સળગતા કોલ-
સા, લાળા

ઘોંઘાટ-ગરબડાટ
આકાશ-ગગન
પથરાઈ-ફેલાઇ

ફરશે—ધારો, ધાર
ધગધગતા—ગરમાગરમ
ધંધે—કામે
વળગે—લાગે
ખેડુત—ખેતીકરનાર
હળ—નાંગર જમીન ખેડવાનું
દુકાન—હાટ
કલ્લોલ—આનંદ
ખીલતી—ફુલતી
લહેર—લહેકે
જન—માણસ
નરમ પડે—ઓછો થાય
આખરે—છેવટે
ચોતરફ—ચારે બાજુ

પાઠ ૪૨ મો.

લક્ષ્મણ—છોકરાનું નામ
સ્ટેશન—આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું
તોફાન—ઘણાજોરથી પવન વાય તે
ટિકિટ—આગગાડીમાં બેસવાની પાસ
ભરવાડ—ઘેટા ચરાવનાર
સપાટો—સપાટો
અકળામણ—ગભરામણ
ફુંકાય—વાય
ફેર—તફાવત
મુંગળાય—અકળાય

પ્રાણી—જીવ
ઉઠલી—ગબડી
બચત—ઉગરત
ઘસડી—તાણી
વાસ—ગંધ, સોરમ
છેક—તદન

પાઠ ૪૩ મો.

ચાક—ખડી, સફેતો
ખડીઆ—શાહી ભરવાનું વાસણ
ગાંગડો—કાંકરો. ખડો
હકીકત—વિગત, વાત
સેકાઉં—ભુંજાઉં, બળું
જંતુ—જીવડા
કહાણી—વાત
નિર્દય—દયા વગરનો
ચાંચવું—જમીન ખોદવાનું હથીઆર
મૂલ—કિંમત
ઓછું—થોડું
સહેલઈ—મહેનત વગર
ચુરો—ભુકો
કુહાવી—ખુરાડી
કણ—રજકણ
પીગળતો—ઓગળતો
ઝાંખો—મેલો
કોલ—રેતી ને ચુનો ભેગા કરી ચકીમા પીસે તે
બારીક—ઝીણાં

વેહ—કાણાં
છિદ્રો—કાણાં
થર—પડ [વાનું ઓજાર
પાવડા—માટી ભરી લે-

પાઠ ૪૪ મો.

કસારા—તાંબા પિતળના વાસણ બનાવનાર
કથરોટ—મોટી થાળી, તાસ
નાળચાં—ગળણી
પુષ્કળ—વધારે
ચંબુ—શિરોહી
તાંબાકુંડી તાંબાનું પહોળામોનુ વાસણ
ટંકશાળ—નાણું બનાવવાની જગા
નોકર—ચાકર
અવાજ—સાદ, નાદ
હથોડા—લોઢાની મોગરી
ટીપે—કુટે
ભેળ—ભેગ
ગાળીને—રસકરીને
ઝાંખાં—ચળકાટ વગરના
માંજીએ—ઘસીએ [ધાતુ
કલાઈ—એક જાતની
જડે છે—મળે છે
સિક્કા—નાણું
સરકાર—રાજા

પાઠ ૪૫ મો.

ચળકાટ—ઝગઝગાટ
મજાગરાં—બરડવાં, નરમાદાના ચાપડા.
શિરોઇ—ચંબુ
ઇનામ—બક્ષિસ
વર્ગ—કલાસ
દરેક—એક એક
છેલ્લે—પછવાડે
મેળવણી—ભેગ
તપાવે—ગરમ કરે
પીગળી—ઓગળી
વપરાય—કામમાં આવે
ઝાંખે—મેલો
ચીજ—વસ્તુ
કટાય—કસાય
સરતું—સોંઘું

પાઠ ૪૬ મો.

કુમળું—નરમ,કુણું
ખુજળી—ખરજ,ખસ
પાણીવાટ—પાણી જવાનો રસ્તો
સુપડાં—અનાજ ઝાટકવાનું ઓજાર
ઝીંઝવો—એકજાતનું ઘાસ
ધુપેલ—માથામાં નાંખવાનું તેલ
સુંવાળી—નરમ
અત્તર—સુગંધી તેલ
ચરાઉ—ચરનારાં
ઉપલાણે—ઉપરની બાજુ
તમાકુ—એક જાતનું ઘાસ બીડી, ને હુકામાં પીએ છે તે [ગા
ચરો—ઘાસ ઉગવાની જછાવામાં—ઢાંકવામાં
તદન—બીલકુલ
દાબ—દરેભ
પુળીઓ—જુડીઓ
ગંજી—ઢગલો
પાળેથી—કિનારેથી
ગડીઓ—ગાંઠો
સુગંધ—સારી વાસ
જડ—મૂળ [ફુમતાં
ચમરી—છોડની ઉપરના
પડા—જુડા
કુટીને—ચરીને [દોરી
મુંજ—સરકટના પાંદડાની

પાઠ ૪૭ મો.

સળંગ—આખુ ને આખુ
સેંકડો—ઘણા સો
રાતડીઓ—રાતી જુવાર
મહીકાંઠા—મહી નદીની આસપાસનો દેશ
ગુચ્છો—જથો
ઢેબરાં—મીઠું મરચું નાંખી કરેલા રોટલા
મેળે—જાતે
વાવવાં—રોપવાં
પરાળ—ડાંગરનું ઘાસ
બાઝેલી—વળગેલી
પેર—કાતળી
પેઠે—રીતે
ભીલ—પહાડમાં રહેનાર
નાગલી—બાવટો
સામો—એક જાતનાં ઘાસનુ બી
થેક—ચીઢા કે ડુંગળાના મૂળની ગાંઠો
બીડ—ઘાસની જમીન
છડીને—ખાંડીને, છોતરાં કાઢીને
ખસલી—સુકું ઘાસ
કડબ—જુવારનું ઘાસ

પાઠ ૪૮ મો.

સખત—ઘણી અઘરી, કઠણ
હળપુણી—જમીન ખેડવાના ઓજારમાં લોઢાની કોશ આવે છે તે
લઠ્ઠ—જોરાવર
એક સામટું સાથે લાગું
ધુસરી—બળદની ખાંધ ઉપર રહેનારૂં લાકડું, જુસરી
સંતોષ—શાંતિ

કેવતવાળું—જોરવાળું, તાકાદવાળું
ભાણુ—સૂરજ
વસ્ત્રો—લુગડાં
ઉત્તમ—સારાં
મજુરી—મહેનત
ભાથું—ખાવાનું
કોઢ—ઢોર બાંધવાની જગા
નીરૂં—નાંખું
મજબુત—કઠણ
થાકી જવું—નરમ થવું
સુથાર—લાકડાં ઘડનાર
ભારે—વજનદાર
ચવડું—હળના નીચેના ભાગમાં કોશની સાથે અણીવાળું લાકડું હોય છે તે
સડ—ધુસરી અને હળની વચ્ચેનું લાંબુ લાકડું
છડો-હળનેછેડેપકડવાનુ ખીલીજેવું હોયછે તે
તાત—બાપ
નીપજાવે—ઉપજાવે, ઉત્પન્ન કરે
જીવ—પ્રાણિમાત્ર
ધરે—પહેરે
ભાવે—ખુશીથી
સહે—વેઠે
ઉપકારી—ગુણકરનારી
ખંતથી—હોંશથી
શીખ—શીખામણ

કવિતાની સમજુતી.

(૧)

અન્વય—રે! ખેડુત તું ખરે જગતનો તાત ગણાયો (છે અને) તુંજ આ સઘળો સંસાર પાળતો જણાયો છે

અર્થ—અરે ખેતી કરનાર તું ખરેખર જગતનો બાપ ગણાયોછે અને આ બધા જગતનું ભરણ પોષણ કરનાર તુંજ જણાય છે

(૨)

અન્વય—તું કપાસ, ફળ, ફુલ, ઘાસ (અને) ધાન્યને નીપજાવે (છે તોજ) સહુ જીવ અન્ન ખાય (અને) જન ભાવે વસ્ત્રો ધરે

અર્થ—કપાસ, ફળ, ફુલ ઘાસ ને અનાજ તુંજ ઉત્પન્ન કરે છે, બધાં પ્રાણીઓ અનાજ ખાય છે ને માણસો ખુશીથી કપડાં પહેરે છે

(૩)

અન્વય—(તું) તાપ, વરસાદ સહે (અને) વળી બહુ મહેનત કરતો (હોવાથી) શરીરે લઠ્ઠ રહે અને સદા સંતોષે ફરતો ફરે છે

અર્થ (તું) વરસાદ, ટાઢને તડકો વેઠે છે ને વળી બહુ મહેનત કરે છે તેથી શરીરે ઘણો બળવાળો રહેછે અને હંમેશાં શંતોષથી ફરેછે

(૪)

અન્વય—ખરે ઉત્તમ ખેતી વળી તે પર ઉપકારી (છે તે કરીને) તું ખરી ખંતથી જગતને સારી શીખ દીએ (છે)

અર્થ—તું વળી જેથી પારકાના ઉપર ઉપકાર થાય એવી સારી જે ખેતી તે કરીને ખરેખર તું હોંશથી બધી દુનિયાને સારી શીખામણ આપે છે કે તમે બીજાના ઉપર ઉપકાર કરનાર થાઓ

પાઠ ૪૯ મો.

ડાંગર—ભાત
ટાંકણે—વખતે, ટાણે
કયારડા—ડાંગર પાકવાનું ખેતર
રોપી—વાવી
ફરતી—ચારે તરફ
લીલા છમ-ઘણાજ લીલા
ઝપાટે—સપાટે
ઝીલવો—વડવો, ખમવો
સદા—હંમેશાં
ખળી—ઘાસથી અનાજ છુદું પાડવાની જગા
છુટા—જુદા
બરડી—કચડી

પાઠ ૫૦ મો.

ખાતર—ઘાસ છાણુ વગેરે કોહેલો કચરો
પીત—વાવેતર
ડુક્કર-ભુંડ
પડછા—પાંદડાં, તોગા
તરકારી—શાક
પાકટ—પાકી
વેંત—બાર આંગળ
તાવડા—કઢાઈ [સિંચો
કોલુ—શેરડો પીલવાનો
સંબંધી—બાબત
હકીકત—વાત
પુષ્કળ—વધારે
પેરવાળી—કાતળીવાળી
અટકાવવાને—ખાળવાને
પીલે—કચરે
વારંવાર—વારે ઘડીએ
છારી—પડ
ઘટ—ઘાડો, જાડો

પાઠ ૫૧ મો.

ઉજળો—સફેદ
હિસાબ—લેખે
સફેદી—ધોળાશ
નકામાં—ફોકટ
પૈસાદાર—શેઠ
રસોઇ—જમવાનું
તપેલી—પાતેલી
ચઢતા—રંધાતા
તકરાર—કજીઓ
ધીમા—શાંત
પચવું—હજમ થવું
ભાવથી—હોંશથી [લોટ
કણક—ઘઉંનો બાંધેલો
આકાર—ઘાટ
સરખાં—બરોબર

પાઠ પર મો.

મધમાખ—મધ બનાવનાર માખ [ખુસ
વાગરી—પારધી,પાપીમા-
ઘરબાર—રહેવાનું ઠેકાણું

રક્ષણ—સંભાળ [એવું	બગાડયું—ખરાબ કર્યું	રચે—બનાવે
મનહર—ખુશી થઇએ	ઇચ્છા—મરજી	સરે—થાય
તત્કાળ—તરત	જન્મ—અવતાર	અપાર—ઘણાં
લટકતો—ટીંગાતો	ડંખ—આંકડો	દીસે—દેખાય
કામળો—ધાબળો	જંતુ—જીવડાં	તજે—છોડી દે
ધુણી—ધુમાડો	હુન્નર—કારીગીરી	તમામ—બધાં

કવિતાની સમજુતી

૧

અન્વય—(હે) મધમાખી તું મહેનતુ (તારે ત્યાં) હુન્નર તણી નિશાળ (છે) મનહર મધપુડો રચે (અને) તત્કાળ રસ મૂકે

અર્થ—હે મધ બનાવનારી માખી તું મહેનતુ છે તારે ત્યાં કારીગરીની નિશાળ છે, તું મનને આનંદ પમાડે તેવો મધપુડો બનાવે છે અને તેમાં તરત રસ મુકે છે

૨

અન્વય—મીઠું મધ ચુસી લઈ મીણ તૈયાર કરે તેથી ઘણાં કામ સરે (અને) તે અપાર ગુણ કરે છે

અર્થ—મીઠું મધ ચુસી લઇને મીણ બનાવે છે, તેથી ઘણા કામ થાય છે અને તે ઘણો ગુણ કરે છે

૩

અન્વય—(તું) નાનું સરખું જીવડું (છતાં) મોટું કામ કરતું (જણાય છે, અને) ડાહીને ચોકખી દીસે (છે તેથી) તમામ આળસ તજે

અર્થ—તું નાનું સરખું જીવડું છે પણ મોટું કામ કરે છે વળી ડાહી ને ચોખ્ખી દેખાય છે તેનો દાખલો લઇને બધા સમજુ માણસો આળસ છોડી દે છે

૪

અન્વય—કીડી કરોળીઓ અને મકોડા (વગેરે) જે ઉદ્યોગી જીવડાં કહેવાય (છે) તે માં તું પકાય (છે)

અર્થ—કીડી—કરોળીઓ ને મકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે તેમાં તું વખણાય છે

પાઠ ૫૩ મો.

ચીસ—ચોકાર
માંજર—મરઘાના માથા ઉપરના ફુલ
કુકરેકુક—મરઘાનો અવાજ
કુકડો—મરઘો [ઢગલો
ઉકરડા છાણ મુતરનો
શેખ-મુસલમાનની જાત
ભીંજાતુ—પીલળતુ
જીવડાં—જંતુઓ
સાફ—ચોકખા
ખડખડે—અવાજ થાય
બીકણુ—ડરકર, નરમ
છેડવા—હરકત કરવા, અડકવા
ધસીને—જોરથી
દીપે—શોભે
ખોતરવાની—ખણવાની
ટેવ—આદત

પાઠ ૫૪ મો.

ચકલી—ચલ્લી
વસ્તુ—ચીજ
ખરી અટપટા રંગની!
રઝળી—રખડી
તલખણાં તરણાં
તડકે—તાપે
વાર—વખત
મજબુત—જોરથી
લગી—સુધી
નુકશાન—બગાડ
ભો—બીક
લાગફાવે—દાવ આવે
ઓછો—થોડો

પાઠ ૫૫ મો.

કેશવાળી—ગરદન પરના વાળ
પ્રીતિ—હેત [તળીઉં
દાબડ—ઘોડાના પગનું
પાણીદાર—તેજદાર
ટટ્ટી—ઘોડાને કુદવતી વખતે આડો પડદો રાખે છે તે [વાળા
અણીદાર—ઝીણી ધાર-
નીમકહલાલ—ખાધેલું હક કરનાર. પ્રમાણિક
સવારી—ઘોડા ઉપર બેસવું તે [છે તે
દેખાય—જોવામાં આવે
ગરદન—ડોક
જાંઘ—સાથળ
નક્કર—પોલો નહિ તે
ઝપાઝપ—જોસભેર
તીણા—અણીદાર
ભુસું—અનાજનાં છોતરાં
ઝડપથી—ઉતાવળથી
મજલ—છેટું, પલ્લો

ચમકે-ભડકે
શરત-હોડ
જીન-ઘોડાનો સામાન
બરાબર-ખરી
લગભગ-આશરે

પાઠ ૫૬ મો.

નાળબંધ-ઘોડાની નાળ જડનાર
અડીઅલ-અટકી જનારૂં
ટટુ-નાનું ઘોડું
કહ્યાગરૂં-કહેલું કરનાર
ખચ્ચર-આગળનો ભાગ ગધેડાનો ને પુછડેથી ઘોડા જેવો
હાજર-સમક્ષ, પાસે
ફેર-તફાવત, ફરક
ઝુમખો-લુમખો
ભાર-બોજો
વહ્યાં-ખેંચ્યાં
ઠોઠ-મુરખ
બને-થાય
ધીરજવાળું-હીમ્મતવાન
ચાલાક-હોશીઆર
તબેલો-ઘોડા બાંધવાની જગા

પાઠ ૫૭ મો.

ગોકળગાય-એક જાતનું લાલ જીવડું
તાળવું-તાળું, ખોપરી
ઢીંચણ-ઘુંટણ, ગોઠણ
હડપચી-દાઢી
તફાવત-ફરક
પોપચાં-આંખનું ઢાંકણ
નજર-સરત
ભવાં-ભમર
રજ-ધુળ કસ્તર
ખાળે-અટકાવે
વાનાં-જાત
બોચી-ગરદન
મેર-બાજુ
ગાળે-ભાગે
કેડ-કમર
વાંસો-બરડો

પાઠ ૫૮ મો.

ઇંદ્રીયો-શરીરના ભાગ, (આંખ, નાક, જીભ, કાન, ચામડી)
સ્વાદ-લહેજત
ધમાકો-અવાજ
સુંઘી-સોરમ લઇ
આકાર-ઘાટ
વાસ-સોરમ, સુગંધ
ખબર પડે-માલમ પડે
વડે-થી
મઝાની-ઘણી મીઠી
ફીકર-ચિંતા
જ્ઞાન-સમજણ

પાઠ ૫૯ મો.

રંગરેજ-કપડાં રંગનાર
સાલ્લા-સાળુ, સાડી
છુટ્ટી-રજા
કીરમજ-એક જાતનો [રંગ
ચેરા-ચલા
ખુલતા-પહોળા પડતા
ઝાંખા-આછા
સેલાં-દોપટા [ો તેવો
ગમે તેવો-[illegible] આ-

પાઠ ૬૦ મો.

બનાત-એક જાતનું ગરમ કપડું

જાસ્તો—ટકાઉ સુતરાઉ કપડું

ઢાંકણ—ઢાંકણું

ફલાનલ—ગરમ કપડું

જામદાની—ઝીણામાં ઝીણું કપડું

રૂવાંટી—ઝીણા વાળ

દેશી વાણીયા—કાપડના વેપારી

ભીંગડાં—પડ

ધરૂજે—થરથરે

વાતી—લાગતી

સિવાય—વગર

તાપ—તડકો

ખાદી—ગજ પનાનું દેશી જાડું કપડું

ગરજ—જરૂર

સારે છે—પુરો પાડે છે

આંકને લગતા સવાલો.

૧. ૮૪ ૦॥। કેટલા ?
૨. ૬૮ ૧। કેટલા ?
૩. ૯૨ ૨॥ કેટલા ?
૪. ૩૬ ૯ કેટલા ?
૫. કેટલા પોણું ૪૨ ?
૬. કેટલા સવા ૭૦ ?
૭. કેટલા અઢીઉં ૧૫૭॥ ?
૮. કેટલા છક ૧૯૨ ?
૯. કેટલા પા ૧૮॥। ?
૧૦. કેટલા દોઢું ૧૧૪ ?

પાછલા ધોરણમાં ચાલેલા આંકને લગતું સુખગણિત.

૧. એક પૈસાનાં ૧૩ બોર તો ૯ પૈસાનાં કેટલાં ?
૨. એક વર્ગમાં ૨૫ છોકરા તો ૭ વર્ગમાં કેટલા ?
૩. એક પૈસાનું ૦। શેર શાક તો ૪૫ પૈસાનું કેટલું ?
૪. એક મજુરને ૦॥ રૂ. મળે તો ૯૭ મજુરને કેટલા રૂ. મળે ?
૫. એક કલાકમાં ૧॥ ગાઉ ચલાય તો ૪૨ કલાકમાં કેટલા ગાઉ ચલાય ?
૬. એક દાડમના ૨॥ પૈસા બેસે તો ૭૫ દાડમના કેટલા પૈસા બેસે ?
૭. ૧૪૫ માં ૧૭ નાખીએ તો કેટલા થાય ?
૮. ૨૪૯ માં ૨૩ નાખીએ તો કેટલા થાય ?
૯. ૧૮૪ માંથી ૩૫ કાઢીએ તો કેટલા રહે ?
૧૦. ૪૦૦ માંથી ૨૫ કાઢીએ તો કેટલા રહે ?
૧૧. એક પૈસાની ૨૪ કોડી આવે તો ૧૬૮ કોડીનું શું બેસે ?
૧૨. એક રૂાના ૧૬ જમરૂખ આવે તો ૧૪૪ જમરૂખનું શું બેસે ?
૧૩. એક હારમાં ૮ છોકરા ઉભા રાખીએ તો ૧૮૪ છોકરાની કેટલી હાર થાય ?

૧૪. દરેક સુતારને ૧ાા રૂ. આપીએ તો ૫૬ રૂ. કેટલા સુતારને અપાય ?

૧૫. દરેક છોકરાને ૦ા કાગળ આપતાં ૧૯ કાગળ કેટલા છોકરાને અપાય ?

ધાત.

શેરની ધાત.

શેરના અચ્છેરા	૨
શેરના પાશેરા	૪
શેરના નવટાંકાં	૮
શેરના અધોળાં	૧૬
શેરના રૂપીઆભાર	૪૦
શેરના પૈસાભાર	૭૨

ટીપઃ-શેરના જુના પૈસાભાર ૭૨ થાય છે પરંતુ નવા પૈસાભાર ૯૬ થાય છે.

શેરના ભાગોના રૂ. ભાર.

શેરના રૂ. ભાર	૪૦
૦ાાા શેરના રૂ. ભાર	૩૦
૦ાા શેરના રૂ. ભાર	૨૦
૦ા શેરના રૂ. ભાર	૧૦
નવટાંકના રૂ. ભાર	૫
અધોળના રૂ. ભાર	૨ાા

શેરના ભાગોના પૈસાભાર.

શેરના પૈસાભાર	૭૨
૦ાાા શેરના પૈસાભાર	૫૪
૦ાા શેરના પૈસાભાર	૩૬
૦ા શેરના પૈસાભાર	૧૮
નવટાંકના પૈસાભાર	૯
અધોળના પૈસાભાર	૪ાા

મણની ધાત.

મણના અધમણીઆ	૨
મણના દશશેરા	૪
મણની પાંચશેરી	૮
મણની અઢીશેરી	૧૬
મણની સવાશેરી	૩૨
મણના શેર	૪૦

ટીપઃ-દશશેરાનું બીજું નામ તોલું છે

અંગ્રેજી લંબાઇના માપની ધાત

૧૨ ઇંચનો ૧ ફૂટ
૨ ફૂટનો ૧ ગજ
૩ ફૂટનો ૧ વાર (યાર્ડ)

દેશી લંબાઇના માપની ધાત.

૨	આંગળનો	૧	તસુ
૨૪	તસુનો	૧	ગજ

૪	આંગળની	૧	મૂઠી
૩	મૂઠીની	૧	વેંત
૨	વેંતનો	૧	હાથ

ચલણી નાણાંની ધાત.

રૂપીઆના અર્ધા	૨
રૂપીઆના પાવલાં	૪
રૂપીઆની બેઆની	૮
રૂપીઆના આના	૧૬
રૂપીઆના ઢબુ	૩૨
રૂપીઆના પૈસા	૬૪
રૂપીઆના અધેલા	૧૨૮
રૂપીઆની પાઈ	૧૯૨

૧૨	પાઇનો	૧	આનો
૧૬	આનાનો	૧	રૂપીઓ
૧૫	રૂપીઆની	૧	મહોર

૧૬	બદામનો	૧	દોકડો
૬૧	દોકડે	૧	આનો
૧૦૦	દોકડે	૧	રૂપીઓ

ગણતરીની ધાત.

૧૨	નંગે	૧	ડઝન
૧૨	ડઝને	૧	ગ્રોસ

૨૪	કાગળનો	૧	ધા
૨૦	ધાનું	૧	રીમ

વરસની ધાત.

૩૦	દિવસનો	૧	માસ
૧૨	માસનું	૧	વરસ

વરસના મહિનાનાં નામ.

કારતક	ફાગણ	અસાડ
માગશર	ચૈત્ર	શ્રાવણ
પોષ	વૈશાખ	ભાદરવો
મહા	જેઠ	આસો

ધાતને લગતા સવાલો.

૧. પાંચ શેરના અધોળાં કેટલાં? જ. ૮૦
૨. અઢી શેરના રૂ. ભાર કેટલા? જ. ૧૦૦
૩. દોઢ શેરના પૈસાભાર કેટલા? જ. ૧૦૮
૪. ૫૬ નવટાંકના શેર કેટલા? જ. ૭
૫. ૬૦ પૈસાભારના પાશેરા કેટલા? જ. ૫
૬. દરેક માણુસને અધોળ ઘી આપીએ તો ૮૮ માણુસને જમાડવાને કેટલા શેર ઘી જોઇએ? જ. પાા શેર
૭. તમારી પાસે ૦ાા શેર ખાંડ છે. દરેક છોકરાને ૨ પૈસાભાર આપો તો કેટલા છોકરાને અપાય? જ. ૨૭ છોકરાને
૮. એક ડબીમાં ૩ાા શેર ઘી હતું તેમાં ૩ નવટાંક ને ૨ અધોળ ઘી નાખ્યું તો કુલ કેટલું ઘી થયું? જ. ૪ શેર
૯. મારી પાસે ૧ા શેર મમરા હતા તેમાંથી ૫ રૂ. ભાર વેરાઈ ગયા તો બાકી કેટલા રહ્યા? જ. ૧ શેર ને ૫ રૂ. ભાર
૧૦. પાશેર શાકનો ૧ પૈસો એમ છે તો ૯ાા શેર શાકનું શું બેસે? જ. ૩૮ પૈસા
૧૧. ૧ા મણના શેર કેટલા? જ ૫૦
૧૨. ૯ાા મણની અઢીશેરી કેટલી? જ. ૧૫૨
૧૩. ૯૦ શેરના મણ કેટલા? જ. ૨ા
૧૪. ૯ ફૂટના ઇંચ કેટલા? જ. ૧૦૮
૧૫. ૨ા ગજના ઇંચ કેટલા? જ. ૬૦
૧૬. ૦ાા વારના ઇંચ કેટલા? જ. ૧૮

૧૭. ૧૨૦ તસુના ગજ કેટલા ? જ. ૫
૧૮. ૫૧ મૂઠીની વેંત કેટલી ? જ. ૧૭
૧૯. મેં ૧ વાર ને ૦ાા ગજ લુગડું લીધું તો કેટલા ઈંચ થયું ? જ. ૪૮

ભૂગોળ.


દિશા.

આપણે સવારમાં ઉઠતાંજ ઉગતા સૂર્યને જોઇએ છીએ, તે હંમેશાં એકજ તરફ ઉગે છે, તેમ કદી ઉગ્યા વગર રહેતો નથી; વળી તે આપણા સુખનું સાધન છે માટે જુના વખતના લોકો સવારમાં ઉઠીને તેને પગે લાગતા તેથી તે તરફની બાજુને તેઓએ ઉગમણી કે **પૂર્વ દિશા** એવું નામ આપ્યું, પૂર્વ એટલે પહેલાની આગળની સૂર્ય ઉગ્યા પછી ઉપર ચડતો આવે છે ને પાછળ જાય છે તેથી તે બાજુનું નામ આથમણી કે **પશ્ચીમ દિશા** પાડયું, પશ્ચિમ એટલે પાછળની, પૂર્વ બાજુ તરફ મોં રાખી ઉભા રહેતાં જમણા હાથ તરફ જે દિશા આવે છે તેનું નામ **દક્ષિણ દિશા** પાડયું, દક્ષિણ એટલે જમણી, હવે ડાબા હાથ તરફ જે દિશા રહી તેનું નામ **ઉત્તર દિશા** પાડયું, આમ લોકોએ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ને ઉત્તર એવાં દિશાના ચાર નામ પાડયાં,

જે તરફ સૂર્ય ઉગે છે તે બાજુનું નામ **પૂર્વ દિશા.**

જે તરફ સૂર્ય આથમે છે તે બાજુનું નામ **પશ્ચિમ દિશા.**


ઉગતા સૂર્ય સામે મોં કરી ઉભા રહીએ તો જમણા હાથ તરફની બાજુનું નામ **દક્ષિણ દિશા** ને ડાબા હાથ તરફની બાજુનું નામ **ઉત્તર દિશા**



ખુણા.

દરેક બબ્બે દિશા વચ્ચે એકેક ખુણો થાય છે તેથી જેવી રીતે ચાર દિશા થાય છે તેવી રીતે ખુણા થાય છે.


ઉત્તર ને પૂર્વ દિશા વચ્ચેના ખુણાનું નામ **ઇશાન ખુણો**
પૂર્વ ને દક્ષિણ દિશા વચ્ચેના ખુણાનું નામ **અગ્નિ ખુણો**
દક્ષિણને પશ્ચિમ દિશા વચ્ચેના ખૂણાનું નામ **નૈઋર્ત્ય ખુણો**
પશ્ચિમને ઉત્તર દિશા વચ્ચેના ખુણાનું નામ **વાયવ્ય ખુણો**



રાત્રે દિશા જાણવાનું સાધન.

દિવસે તો સૂર્યના ઉગવા આથમવા ઉપરથી દિશા જાણી શકાય છે પરંતુ રાત્રે દિશાઓ એક તારા પરથી જણાય છે તેનું નામ **ધ્રુવનો તારો** છે તે ઉત્તર દિશા તરફ છે ને હંમેશાં એકજ જગાએ દેખાય છે તેથી તેના પરથી ઉત્તર દિશા માલમ પડે છે એટલે બાકીની દિશાઓને ખૂણા સમજી શકાય છે.

* ધ્રુવનો તારો



સૂર્ય કે ધ્રુવનો તારો ન દેખાય ત્યારે દિશા જાણવાનું સાધન

વાદળાં વાળા દિવસે કે રાત્રે સૂર્ય કે ધ્રુવનો તારો દેખાતા નથી ત્યારે એક દાબડી પરથી દિશા જાણી શકાય છે તેને હોકાયંત્ર કહે છે હોકાયંત્રમાં એક કાંટો હોય છે તે હમેશાં ઉત્તર તરફ રહે છે તમે દાબડી ગમે તેમ ફેરવો પણ કાંટો ઉત્તર તરફજ રહે છે

ટીપઃ—શિક્ષકે પ્રત્યક્ષ હોકાયંત્ર બતાવવું

અંતર

કેટલીક વસ્તુઓ પાસે પાસે હોય છે ને કેટલીક એક બીજી થી છેટે હોય છે તે છેટું કોઈમાં વધારે ને કોઈમાં ઓછું હોય છે છેટાનું બીજું નામ અંતર છે કોઇ બે વસ્તુઓ વચ્ચે કેટલું અંતર છે તે જાણવું હોય તો અંતર માપવાનાં સાધનનાં નામ ને તેનું કોષ્ટક યાદ કરવું જોઇએ

૧૨ ઈંચનો	૧ ફુટ	
૩ ફુટનો	૧ વાર	
૨૨ વારની	૧ સાંકળ	**ટીપઃ**—શિક્ષકે બની શકે તેટલાં
૧૦ સાંકળનો	૧ ફર્લાંગ	માપ પ્રત્યક્ષ બનાવવાં ને
૮ ફર્લાંગનો	૧ માઇલ	તે વડે મપાવવું
૨॥ માઇલિનો	૧ ગાઉ	

ગણિત.

સંખ્યા વાચન

(૧) ૮ (૨) ૧૯ (૩) ૭૯ (૪) ૧૦૦ (૫) ૭૪૫ (૬) ૯૭૦ (૭) ૫૦૯ (૮) ૧૦૦૦ (૯) ૨૪૧૫ (૧૦) ૩૦૭૯ (૧૧) ૫૭૦૮ (૧૨) ૯૯૭૦ (૧૩) ૮૦૦૪ (૧૪) ૭૧૦૦ (૧૫) ૫૦૧૦ (૧૬) ૧૦૦૦૦ (૧૭) ૨૦૪૫૯ (૧૮) ૪૫૦૯૭ (૧૯) ૮૪૭૦૫ (૨૧) ૮૦૦૪૯

સંખ્યા લેખન

(૧) નવ (૨) ઓગણચાલીસ (૩) સીત્તેર (૪) બસો

(૫) ચારસો ઓગણુત્રીસ (૬) સાતસો પચાસ (૭) છસો નવ (૮) પાંચ હજાર, સો (૧૦) છ હજાર, નવસો, એંસી (૧૧) બે હજાર, ત્રેસઠ

સરવાળા.

(૧) ૯, ૮, ૫, ૬, ને ૩ (૨) ૮, ૩, ૭, ૪ ને ૬ (૩) ૧૪, ૧૭, ૧૬, ૧૨ ને ૧૫ (૪) ૨૮, ૧૨, ૧૮, ૫ ને ૨૦ (૫) ૯૨, ૮૪, ૭૦, ૮ ને ૧૯ (૬) ૯, ૩૦, ૮૯, ૮૫ ને ૧૫ (૭) ૨, ૪૫, ૩૦૯ ને ૧૧૮ (૮) ૯૦, ૪૮૦, ૧૦૭ ને ૫૩ (૯) ૨૪૧૩, ૩૯૧૮ ને ૧૪૮૦ (૧૦) ૫૦૯૨, ૩૦૦૭ ને ૯૪૯ (૧૧) ૨૪૬૦૫ ૪૯૯૦૩, ૪૨૦૦ ને ૬૬૧૧ (૧૨) ૮૦૦૦૦, ૪૭૯૭૯, ૫૦૨, ૯૭૯ ને ૧૭ (૧૦) ૨૪૯, ૮૪,૪૭૦૫૩ ૮૩૫૭ને ૯૦૦૦

બાદબાકી.

(૧) ૭ માંથી ૫ (૨) ૯ માંથી ૩ (૩) ૧૮ માંથી ૧૩ (૪) ૪૭ માંથી ૨૫ (૫) ૮૧ માંથી ૨૪ (૬) ૯૨ માંથી ૩૫ (૭) ૯૧ માંથી ૪૭ (૮) ૬૧ માંથી ૧૮ (૯) ૯૦ માંથી ૨૫ (૧૦) ૯૦ માંથી ૫૩ (૧૧) ૧૮૪ માંથી ૧૩૭ (૧૨) ૮૫૩ માંથી ૨૯૮ (૧૩) ૭૦૫ માંથી ૩૧૪ (૧૪) ૮૦૨ માંથી ૩૮૪ (૧૫) ૯૦૦ માંથી ૬૦૭ (૧૬) ૪૦૦ માંથી ૨૫૩ (૧૭) ૯૧૫૮ માંથી ૨૪૬૯ (૧૮) ૫૦૦૩ માંથી ૨૮૨૭ (૧૯) ૨૮૪૦૬ માંથી ૨૫૯૦૯ (૨૦) ૮૦૬૪૯ માંથી ૫૩૭૯૬

ગુણાકાર.

સરવાળાની ટુંકી રીતને ગુણાકાર કહે છે. (સાતનો પાંચ વાર સરવાળો કરવો તેનું ટુંકું નામ સાતને પાંચે ગુણવા.)

(૧) ૯ ગુણ્યા ૭, (૨) ૮ × ૬, (૩) ૩ × ૯, (૪) ૨૧×૪ (૫) ૨૨×૩, (૬) ૧૭×૨, (૭) ૨૪×૭, (૮) ૮૦×૫ (૯) ૧૦૦×૭, (૧૦) ૧૪૭×૮, (૧૧) ૨૦૮×૪, (૧૨) ૭૦૪×૯, (૧૩) ૮૭૦×૭, (૧૪) ૧૦૦૦×૫, (૧૫) ૪૨૯૭૬×૩ (૧૬) ૨૪૦૦૯×૯, (૧૭) ૪૦ ૫૭૯×૯, (૧૮) ૯૮૫૩×૮, (૧૯) ૪૨૫૦૦×૪, (૨૦) ૯૯૦૯૯×૬, (૨૧) ૪૨×૧૫, (૨૨) ૫૮×૫૨, (૨૩) ૯૭×૨૨, (૨૪) ૯૦૮×૨૭, (૨૫) ૪૫૨૩×૨૨, (૨૬) ૧૯૮૭૬×૮૪, (૨૭) ૨૬૦૨૪×૭૦, (૨૮) ૯૧૦૦૯×૫૦ (૨૯) ૭૦૫૩×૮૯, (૩૦) ૪૦૦૦૮×૮૪.

ભાગાકાર.

બાદબાકીની ટુંકી રીતને ભાગાકાર કહે છે (૪૨ માંથી ૭ ૭ની સાત ઢગલી કરવી તેનું નામ ૪૨ ભાગ્યા ૭)

(૧) ૩૫ ભાગ્યા ૭, (૨) ૫૪ ભાગ્યા ૯, (૩) ૭૨ ભાગ્યા ૮, (૪) ૮૧ ભાગ્યા ૯, (૫) ૬૨ ભાગ્યા ૭, (૬) ૫૧ ભાગ્યા ૬, (૭) ૧૭૬÷૫, (૮) ૪૦૯÷૭, (૯) ૨૦૦÷૬, (૧૦) ૪૭૨૩÷૭, (૧૧) ૪૯૦૫૩÷૮, (૧૨) ૬૭૦૦૪÷૯, (૧૩) ૭૯÷૧૫, (૧૪) ૫૭૮÷૧૨, (૧૫) ૧૪૭૦૬÷૧૪, (૧૬) ૬૮૫૮૯÷૧૭, (૧૭) ૫૬૪૦૭÷ ૪, (૧૮) ૬૮૭૨÷૨૭, (૧૯) ૯૭૫÷૩૨, (૨૦) ૨૪૭૮÷૫૩, (૨૧) ૯૭૮૪૬÷૪૭.

પદાર્થ પાઠ.

પાઠ ૪૧ મો. સવાર ને સાંજ.

સવારઃ—સુરજ ઉગે છે તે વખતે

બપોરઃ—સુરજ માથાપર આવે છે તે વખતે

સાંજઃ—સુરજ આથમે તે વખતે

સવારનું વર્ણનઃ—માણસો ઊઠીને પોતાને ધંધે વળગે છે, પશુ પક્ષી ખોરાક શોધવા નીકળી પડે છે, ને ઝાડપાન ખુબ ખીલે છે.

બપોરનુ વર્ણનઃ—તાપ ઘણો લાગે છે, તેથી પ્રાણીઓ છાંયાનો આશ્રય લે છે

સાંજનું વર્ણનઃ—દિવસનું અજવાળું જતું રહી અંધારૂં થાય છે લોકો દીવા કરે છે ઢોર ઘર તરફ પાછાં ફરે છે પક્ષી માળામાં જઇ બેસે છે માણસો વાળુ કરી ઊંઘી જાય છે.

પાઠ ૪૨ મો હવા ને પવન.

હવાઃ—આપણી આજુ બાજુ જે ખાલી ભાગ દેખાય છે તે ખરૂં જોતાં ખાલી નથી તેમાં એક પદાર્થ ભરેલો છે તેનું નામ હવા છે

હવાના ગુણઃ—૧ જે ખાલી જગા દેખાય છે તેમાં ભરેલી છે
૨ દેખાતી નથી
૩ હાથ વડે ઝાલી શકાતી નથી

હવાની જરૂરઃ—પ્રાણી ને વનસ્પતિ તેનો દમ લે છે હવા ન હોય તો પ્રાણી કે વનસ્પતિ જીવે નહિ

પવનઃ—હવા હાલે તેનું નામ પવન

તોફાનઃ—પવન બહુ જોરથી વાય તેનું નામ તોફાન

પવનની જરૂરઃ—૧ દરીઆપરનાં વાદળાને ધસડી લાવી વરસાદ વરસાવે છે

૨ દરીઆ પર વહાણો ચલાવે છે

૩ ફુલમાંનો વાસ ફેલાવે છે

૪ બફારો ઓછો કરે છે

તોફાનથી થતાં નુકસાનઃ—૧ છાપરાં ઉરાડી મુકે છે

૨ ઝાડ પાડી નાખે છે

૩ આગ ફેલાવે છે

પાઠ ૪૩ મો ચાક.

ચાકના ગુણઃ—રંગે ધોળો, પોચો, પાણીમાં ઓગળે નહિ તેવો, દેવતામાં પીગળે નહિ તેવો, બરડ, સસ્તો, અપારદર્શક, શોષક

ચાકનો ઉપયોગઃ—૧ પાટીઆ પર લખવાના કામમાં આવે છે

૨ તેમાંથી ચુનો બને છે તે ઘર ધોળવાના ને ઘર બાંધવાના કામમાં આવે છે

ચાકની ઉત્પત્તિઃ—દરીઆને તળીએ ઝીણાં જંતુ પોતાને રહેવાને માટે બનાવે છે

ચાકમાંથી ચુનો બનાવવાની રીતઃ—ચાકને ભઠ્ઠીમાં નાખી ખુબ તપાવાથી ચુનો બને છે

કોલ બનાવવાની રીતઃ—ચુના સાથે ઝીણી રેતી મેળવવી

પાઠ ૪૪ મો તાંબુ ને તાંબાનાં વાસણો.

તાંબુ શું છે?:—ધાતુ છે

તાંબાના ગુણ:—રંગે રાતું, ચળકતું, ચીકણું, જલદી કટાય તેવું

ઉપયોગ:—૧, વાસણો બને છે ૨, સિક્કા બને છે ૩, તાર ને પતરાં બને છે ૪, પિત્તળ બને છે ૫, કાંસું બને છે

તાંબાના વાસણોનાં નામ:—લોટા, લોટીઓ, ચંબુ, નાળચાં, તાંબાકુંડી, કથરોટ, બેડાં, વગેરે

તાંબાના સિક્કાનાં નામ:—પાઈ, અધેલા, પૈસા ને ઢબુ

તાંબાનો કાટ:—તાંબાના વસણમાં ખાટી ચીજ કે ટાઢું પાણી ભરી રાખવાથી કાટ બાઝે છે તે રંગે લીલો હોય છે તેને જંગાલ કહે છે જંગાલ ઘણો ઝેરી પદાર્થ છે

તાંબાના વાસણમાં કાટ ન બાઝે તેનો ઉપાય:—કલાઇ દેવરાવી

તાંબામાંથી સિક્કાની બનાવટ:—સરકાર ટંકશાળમાં તાંબાનાં પતરાંના ગોળ કકડા કરી છાપે છે તેથી સિક્કા બને છે

તાંબાની ઉત્પત્તિ:—જમીનમાંથી નીકળે છે

પાઠ ૪૫ મો પિત્તળ ને પિત્તળનાં વાસણો.

પિત્તળ શું છે?:—મિશ્રણ ધાતુ

મિશ્રધાતુ:—બે ધાતુની મેળવણીથી જે ધાતુ બને તે

પિત્તળની બનાવટ:—તાંબા તથા જસતનો રસ કરી મેળવવાથી પિત્તળ બને છે

પિત્તળના ગુણ:—રંગે ઝાંખુ પીળું, તાંબા કરતાં કઠણ, તાંબા જેટલું જલદી કટાય નહિ તેવું, તાંબા કરતાં સસ્તુ

ઉપયોગઃ—૧ વાસણો બને છે ૨ કેટલીક ચીજો બને છે

પિત્તળનાં વાસણોઃ—તપેલાં, થાળીઓ, લોટા, લોટીઓ, વાડકા, તાસકો, બરણી. પવાલી, શિરોઇ, વગેરે

પિત્તળની ચીજોઃ—રમકડાં, તાળાં, મજાગરાં કડાં, સાંકળાં, વગેરે

પિત્તળના વાસણમાં કાટ ન બઝે તેનો ઉપાયા—કલાઇ દેવરાવવી

પાઠ ૪૬ મો.

જુદી જુદી જાતનાં ઘાસ ભાગ ૧.

ઘાસનાં નામઃ—દાભ, ઝીંઝવો, મોથ, ધરો, સરકટ વગેરે

દાભઃ—તેની પાંદડી જાડી ને કોરે ધારવાળી હોય છે તે કુમળું હોય ત્યાં સુધીજ ઢોર ખાય છે પાકે છે ત્યારે છાપરાં છાવામાં વપરાય છે, વળી એની દોરી વણીને ખાટલા ભરાય છે તેનાં મૂળીઆં મોટા સોયા કરતાં પણ જાડાં હોય છે ને જમીનમાં એટલાં બધાં ઉંડાં ઉતરે છે કે હળવડે ખેડવાથી પણ જતાં નથી દાભને હિંદુ લોકો પવિત્ર માને છે તેથી દરેક પવિત્ર ક્રિયામાં તેનો ઉપયોગ કરે છે

ઝીંઝવોઃ—ચરાઉ જનાવરોને એ બહુ ભાવે છે ખેડુતો તેને સુકવીને પુળીઓ બાંધી તેની ગંજી કરી મુકે છે

મોથઃ—તળાવની પાળ પર કે એવી બીજી જગાએ થાય છે એનાં મુળીઆં પર ગોળ ગડીઓ હોય છે એમાંથી સુગંધ આવે છે, મોથ ખુજળી પર ચોપડવાના તથા ધુપેલમાં નાખવાનાં કામમાં આવે છે એમાંથી અત્તર પણ નીકળે છે

ધરો કે દરોઃ—એની પાંદડી ઝીણી ઝીણી સોય સરખી હોય છે એની દાંડી જમીન પર ફેલાય છે એ જમીનમાં એની જડ

ધાસે છે કે ગમે તેટલી કાઢી નાખીએ તો પણ ઉગે છે દરોને છે હિંદુ લોકો પવિત્ર માને છે તેથી કેટલીક ક્રિયામાં તેનો ઉપયોગ કરે છે

સરકટઃ— આ ધાસ પાણી વહેવાના માર્ગમાં ઉગે છે, તેની ચમરી સુંવાળી હોય છે જાનવરોને એની વાસ ગમતી નથી તેથી તેને ખાતાં નથી, તે સુકાય છે ત્યારે એની સળીઓની સાદડીઓ, સુપડાં, ટોપલીઓ, વગેરે કરે છે, એની પાંદડી તમાકુના પડા બાંધવાના કામમાં આવે છે એ પાંદડાને કુટીને પલાળે છે તેને મુંજ કહે છે તેની દોરી વણી ખાટલા ભરે છે

પાઠ ૪૭ મો.

જુદી જુદી જાતનાં ધાસ ભાગ ૨ જો.

ધાસના બે પ્રકારઃ—પોતાની મેળે ઉગનારાં, (૨) વાવેલાં

પોતાની મેળે ઉગનારાંઃ—દાભ, ઝીંઝવો, મોથ, ધરો, સરકટ વગેરે

વાવેલાંઃ—બાજરી, જુવાર, ડાંગર, ઘઉં, નાગલી, સાથ વગેરે

બાજરી, જુવાર, ડાંગર, ઘઉં વગેરે ઘાસની જાતનાં અનાજ કહેવાય છે

તેનાં કારણઃ—૧ તેની પાંદડી ઘાસની પાંદડીના જેવી છે

૨ તેનો સાંઠો ઘાસની માફક કાતળીને ગાંઠાવાળો છે

૩ તેનાં મુળીઆં ઘાસનાં મુળીઆં જેવાં છે

૪ તેને મથાળે ઘાસની માફક પાંદડીનો ગુચ્છો છે

અનાજ એ શું છે !—ઘાસનાં બી

પાઠ ૪૮ મો.

ખેડુત અને હળ.

ખેડુત—જમીન ખેડીને અનાજ પકવનાર

જમીન ખેડવાનું ઓજાર—હળ

ખેડુતનો બપોરનો ખોરાક—રોટલા, અથાણું, મરચું ને કોઇવાર દાળ ને ચટણી

ખેડુતનો સાંજનો ખોરાક—રોટલા ને છાશ કે દુધ

ખેડુતનું શરીર મજબુત ને કૌવતવાળું છે તેનું કારણ—મહેનત ને સારી હવા

હળના જુદા જુદા ભાગના નામ—કોશ, ચવડું, તંગું, સડ, ધુસરી છડો વગેરે

ખેડુત જગનો બાપ કહેવાય છે તેનું કારણ—ખેડુત જગતને જરૂરનાં કપાસ, ફળ ફુલ, ઘાસ ને ધાન્ય ઉત્પન્ન કરે છે

ખેડુતની જીંદગી સુખી છે તેનું કારણ—શરીરે તંદુરસ્ત રહે છે, સંતોષ રાખે છે ને પ્રભુ સિવાય કોઇની મહેરબાની માંગવી પડતી નથી તેથી

ખેતી ઉત્તમ શા માટે છે?—તે સ્વતંત્ર ધંધો છે વળી તેમાં પરોપકાર બહુ થઇ શકે છે તેથી

પાઠ ૪૯ મો.

ડાંગર.

ડાંગર રોપવાની રીત—જમીન ખેડીને તૈયાર કર્યા પછી એક નાનો ક્યારો કરી તેમાં ડાંગર બાંટે છે, (નાંખે છે) તેમાં બાટા છોડ ઉગી નીકળે છે તેને ધરૂ તે તરૂ કહે છે વરસાદ પડતા પહેલાં ખેડેલી જમીનમાં બીજા મોટાં ક્યારડા તૈયાર કરેલા

હોય છે તેમાં વરસાદ પડે ત્યારે પાણી ભરાય છે પછી પેલું ધરૂ કે તરૂ ઉખેડી લાવી તેમાં છુટું છુટું રોપે છે, કોઇ કોઈ વાર ધરૂ રોપતાં ખેડુતને માથે વરસાદ ઝીલવો પડે છે ને કાદવ કીચડમાં કામ કરવું પડે છે

ડાંગરનો પાક—ડાંગરને પાણી મસ (ઘણું) જોઇએ છે તેથી પાણીની છત હોય ત્યાં તે પુષ્કળ થાય છે ચોમાસું બેસતાં ડાંગર રોપાય છે, દિવાળી નજીક ડાંગર પાકીને તૈયાર થાય છે.

ડાંગર છુટું પાડવાની રીત—પાકેલી ડાંગરને કાપીને સુકવે છે પછી તેના પુળા બાંધી ખળીમાં લઈ જાય છે, ત્યાં પરાળને દાણા છુટા પાડે છે

ડાંગરનો ઉપયોગ— ડાંગરને ભરડીને કે છડીને ફોડાં ને ચોખા છુટા પાડવામાં આવે છે ચોખા રાંધીને ખવાય છે,

પાઠ ૫૦ મો.

શેરડી

શેરડીની જાત—રાતી ને ધોળી

શેરડીનો ઉપયોગ—૧ ખવાય છે ૨ તેમાંથી ગોળ, ખાંડ, ને સાકર બને છે

શેરડી રોપવાની રીત—પહેલાં ભોંયને સારી પેઠે ખેડે છે પછી તેમાં પુષ્કળ ખાતર નાંખે છે પછી તેને પાણી પાઇને પોચી કરે છે ને તેમાં શેરડીના કકડા ઘાલે છે, કોઇ લોકો કકડા ભોંય પર મુકીને ઉપર માટી દબાવી દે છે, રોપવાના કકડા નાની કાતળીવાળા ને લગભગ ૧ વેંત લાંબા હોય છે. કકડાની કાતળીના ગાંઠા આગળ આંખ હોય છે એ આંખ ઉપર રહે એવી રીતે કકડા રોપે છે. શેરડી ભેગી કેટલીક તરકારી પણ વાવે છે.

શેરડીનો પાકઃ—શેરડીના પીતને પુષ્કળ પાણી જોઇએ છીએ. શેરડી તૈયાર થતા ૧૦-૧૧ મહિના લાગે છે.

શેરડીના પાકનું જતન.—ડુક્કર ને શિયાળવાને શેરડી બહુ ભાવે છે તેથી વાડીમાં પેસી ઘણું નુકસાન કરે છે. તેઓ વાડીમાં પેસી ન શકે માટે ખેડુત લોકો ફરતો પાડ કે ભીંત કરે છે.

કોલુઃ—શેરડી પીલવાનો સંચો તેને કોઈ ચીચુડો પણ કહે છે.

શેરડીમાંથી ગોળ બનાવવાની રીતઃ—શેરડી પાકટ થાય છે ત્યારે તેના સાંકા ને કાલુમાં પીલે છે એટલે તેમાંથી રસ નીકળે છે, તેને તાવડામાં નાખી ઉકાળે છે. ઉકાળતાં ઉકાળતાં વારંવાર તેના પર મેલની છારી આવે છે, તે કાઢી લે છે. રસને ઘણી વાર ઉકાળે છે, તેથી તે મધ જેવો ઘટ થાય છે. પછી તેને ઉતારી ટાઢો પાડે છે એટલે ગોળ બને છે.

પાઠ ૫૧ મો.

ભાત ને રોટલી.

ભાત.—રાંધેલા ચોખા ભાત કહેવાય છે.

ભાતના ગુણઃ—મોળો, ઉજળો, જલદી રંધાય તેવો, જલદી પચી જાય તેવો.

રોટલીઃ—ઘઉંના લોટની કણક બાંધી, તેમાંથી નાની નાની લુગદી બનાવી, વણી, તાવડીમાં શેકીને બનાવેલો ગોળ આકાર.

રોટલીના ગુણઃ—આકારે ગોળ, જલદી ન પચે તેવી, શરીરમાં કૌવત આપનારી.

રોટલીને ભાત ખાનારાઃ—પૈસાદાર લોકો.

ગરીબનો ખોરાકઃ—જુવાર, બાજરીના રોટલા.

પાઠ ૫૪ મો.

ચકલી.

ચકલીનું વર્ણન:—રંગે કાળી, ધોળી કે કાબરી, ચાંચ નાની ને અણીદાર, પગે પાછળ એક ને આગળ ત્રણ આંગળા, કદમાં નાની.
ચકલીની જમીનપર ચાલવાની રીતઃ—બંને પગ સાથે ઉપાડીને.
અવાજ:—ચીંચી.

ખોરાક:—દાણા ને ઝીણાં જીવડાં.

માળા:—ઝાડ ઉપર ને છાપરાને કે બીજા કશાને ખુણેખોચરે બાંધે છે. તે રૂ, તણખલાં ને એવી બીજી વસ્તુના કરે છે. માળા બહારથી સારા દેખાતા નથી પરંતુ માંહે પોચાં. રૂ, વાળ કે ઊન ગોઠવી પોચાં કરે છે.

ઈંડાં:—ચકલી વરસમાં બે ત્રણવાર ઇંડાં મુકે છે. દરેક વખતે ૫-૬ ઈંડાં મુકે છે. ઈંડાં રંગે ભુરાં હોય છે ને તેમના પર કાળાં ટપકાં હોય છે.

ખેડુતને લાભ:—ખેતરમાં ઝીણાં જીવડાં થાય છે તે ઉગતા છોડને બહુ નુકસાન કરે છે તે જીવડાંને વીણી વીણીને ચકલી ખઇ જાય છે.

ચકલીના દુશ્મન:—સમડી, કાગડા ને સાપ.

પાઠ ૫૫ મો.

ઘોડો.

ખાસ વર્ણન:—તે દાબડાવાળું પશુ છે, તેથી તેના પગને છેડે નક્કર ને આખો દાબડો છે. પગ લાંબા, પાતળા ને મજબુત જાંઘવાળા છે. ગરદન ને પુંછડી પર સુંવાળા, ભભકતા ને લાંબા વાળ છે. કાન નાના, ઉભા ને અણીદાર છે. દાંત બે પ્રકારના

છે. કાપવાના ને ચાવવાના. બન્ને પ્રકારના દાંતની વચ્ચે થોડી ખાલી જગા છે.

ખોરાક:—ઘાસ, ભુસું, ચણા, મઠ, બાજરી વગેરે.

ઉપયોગ:—૧, તેના પર સવારી થાય છે ૨, ગાડીમાં જોડાય છે. ૩, ભાર ખેંચે છે. ૪, લડાઈ ને શિકારમાં વપરાય છે.

ગુણ:—દેખાવે સુંદર, લાંબી મજલ કાપનાર, ગરીબ, નીમકહલાલ, પણ બીકણુ ને ભડકણુ.

ઘોડાની જાતો:—ઘોડા ઘણી જાતના ને રંગના થાય છે સૌથી સારા અરબી ગણાય છે.

ઉંમર:—લગભગ ૩૦ વરસ જીવે છે

પાઠ ૫૬ મો.

ઘોડાની જાતનાં પ્રાણીઓ:—

ઘોડાની જાતનાં પ્રાણીઓ:—ટટ્ટુ, ખચ્ચર ને ગધેડો.

ઘોડાની જાતનાં કહેવાનું કારણ:—

૧ ઘોડાની માફક તેમના પગને છેડે દાબડો છે.

૨ ઘોડાની માફક તેમને શીંગડા નથી.

૩ ઘોડાની માફક તેમને બે પ્રકારના દાંત છે.

૪ તેમનો દેખાવ ઘોડા જેવો છે.

ટટ્ટુનું વર્ણન:—નાના ઘોડાને ટટ્ટુ કહે છે. તેના અવયવો ઘોડાના અવયવોને મળતા છે પરંતુ પ્રમાણમાં નાના હોય છે. ટટ્ટુ સવારી કરવાના ને ગાડીમાં જોડવાના કામમાં આવે છે.

ગધેડાનું વર્ણન:—ઘોડા સાથે મુકાબલો:—

૧ ઘોડો મોટો હોય છે ને ગધેડું નાનું હોય છે.

૨ ઘોડાના કાન ટુંકા ને અણીદાર હોય છે પણ ગધેડાના કાન લાંબા ને મોટા હોય છે.

૩ ઘોડાની પુછડીને છેડે લાંબાવાળ હોય છે પણ ગધેડાની પુછડીને છેડે વાળનો ઝુમખો હોય છે.

૪ ઘોડાનો દેખાવ સુંદર છે પણ ગધેડાનો દેખાવ સુંદર નથી.

૫ ઘોડો ખોંખારે છે ને ગધેડું ભૂંકે છે.

૬ ઘોડો ચાલાક છે પણ ગધેડું અડીઅલ ને ઠોઠ છે.

૭ ઘોડો સારો ખોરાક ખાય છે પણ ગધેડું ઉકરડાનો કચરો ખાય છે.

૮ ઘોડો સવારીના કામમાં વપરાય છે પણ ગધેડું ભાર ઉપાડવાના કામમાં વપરાય છે.

ગધેડાના ગુણઃ—મહેનતુ, ધીરજવાળું, કહ્યાગરૂં ને સહનશીલ.

ખચ્ચરનું વર્ણનઃ—તેના કાન ગધેડાના જેવા લાંબા ને મોટા હોય છે. ઘોડાની પેઠે તેની ગરદન ને પુછડી પર લાંબા વાળ હોય છે. તેનું શરીર ઘોડા કરતાં નીચું ને જરા ટુંકું હોય છે. એ કંઈક ઘોડાને અને કંઇક ગધેડાને મળતું છે.

ખચ્ચરનો ઉપયોગઃ—સવારી કરવાના, ગાડીએ જોડવાના ને ભાર ઉપાડવાના કામમાં વપરાય છે તે ઘણો ભાર લઇ મોટા મોટા ડુંગરા ચઢી શકે છે

પાઠ ૫૭ મો.

શરીરના ભાગ.

શરીરના મુખ્ય ભાગઃ—(૧) ડોકું (૨) ધડ.

ડોકામાં આવેલા ભાગનાં નામઃ—માથું, (માથાપરવાળ) બે આંખો (આંખોપર, પોપચાં ને પાંપણ) ભવાં, કપાળ, બે કાન, નાક, લમણા, ગાલ, મોઢું (મોઢામાં દાંત, જીભ ને તાળવું), હોઠ ને હડપચી.

ગળું:—ડોકા ને ધડની વચ્ચેનો ભાગ. તેનો આગલો ભાગ ગળું કહેવાય છે ને પાછલો ભાગ ગરદન કે બોચી કહેવાય છે.

ધડમાં આવેલા ભાગનાં નામ:—બે ખભા, બે હાથ, (હાથના ભાગમાં કોણી કાંડુ, હથેલી ને આંગળાં છે), છાતી પેટ, પેઢું, બે કેડો, વાંસો, બે પગ, (પગના ભાગમાં સાથળ ઢીંચણ. નળો, પાટલી, તળીઉં, એડી, ઘુંટી, આંગળાં વગેરે છે)

ગોકળ ગાયના અવયવ:—નાનું શરીર, મોં, દાંત, બે શીંગડાં, શીંગડાને છેડે આંખો.

પાઠ ૫૮ મો.

ઇંદ્રિયો.

ઇંદ્રિય:—જેના વડે કોઇ વસ્તુનું કંઇ પણ જ્ઞાન થાય તે ઇંદ્રિય કહેવાય.

ઇંદ્રિયોના નામ:—આંખ, કાન, નાક, જીભ ને ચામડી.

આંખનો ઉપયોગ:—આંખ વડે આપણે જોઇ શકીએ છીએ. તેના વડે આપણે હરકોઇ વસ્તુનો રંગ, આકાર ને કદ જાણી શકીએ છીએ. જે આંખથી જોઇ શકતા નથી તે આંધળા કહેવાય છે.

કાનનો ઉપયોગ:—કાન વડે આપણે સાંભળી શકીએ છીએ. તેના વડે આપણે હરકોઈ અવાજ જાણી શકીએ છીએ. જે કાનથી સાંભળી શકતા નથી તે બહેરા કહેવાય છે.

નાકનો ઉપયોગ:—નાક વડે આપણે સુંઘી શકીએ છીએ. તેના વડે સારી કે નઠારી વાસ પારખી શકાય છે.

જીભનો ઉપયોગ:—જીભ વડે આપણે ચાખી શકીએ છીએ. તેના વડે વસ્તુ ખારી, ખાટી, તીખી, મોળી, ગળી, કે કડવી છે તે આપણે જાણી શકીએ છીએ. ઉપરાંત જીભ બોલવાના કામમાં મદદ કરે છે. જે બોલી શકતો નથી તે મુગો કહેવાય છે.

ચામડીનો ઉપયોગઃ—ચામડીવડે આપણે વસ્તુ પારખી શકીએ છીએ. તેના વડે વસ્તુ ટાઢી, ઉની, લીસી. ખરબચડી, પોચી, કે કઠણ છે તે આપણે જાણી શકીએ છીએ.

પાઠ ૫૯ મો.

રંગ.

રંગના પ્રકારઃ—(૧) મુળ. (૨) મિશ્ર.

મુળ રંગનાં નામઃ—લાલ, પીળો ને વાદળી.

મિશ્ર રંગઃ—મુળ રંગોની મેળવણીથી થાય તેવા રંગો.

મિશ્રરંગોનાં નામ ને બનાવટઃ-

નારંગી—લાલ ને પીળો.

લીલો—પીળો ને વાદળી.

જાંબુડો—વાદળી ને લાલ

કીરમજી—ખુલતો લાલ ને થોડો ઘેરો વાદળી.

કેસરી—પીળો ને થોડો ખુલતો લાલ.

પોપટીઓ—ઝાંખો વાદળી ને થોડો ખુલતો પીળો.

સંયુકત રંગોઃ—મિશ્ર રંગોની મેળવણીથી જે રંગો થાય તે રંગો.

તપખીરી—નારંગી ને લીલો.

કથાઇ—નારંગી ને જાંબુડો.

રાખોડી—ધોળો ને થોડો કાળો.

ઝાંખો ભુરો—ધોળો ને વધારે કાળો.

ખુલતો વાદળી—ઘેરો વાદળી ને થોડો ધોળો.

ગુલાબી—ધોળો ને થોડો ખુલતો લાલ.

ઘેરા રંગ—ધાટા રંગો.

ખુલતા રંગ—બહુ ઘાટા નહિ તેમ આછા નહિ.

ઝાંખા રંગ—બહુ આછા રંગો.

પાઠ ૬૦ મો.

લુગડાં.

લુગડાંની જરૂરઃ—૧ ટાઢ, તડકા ને શરદીથી શરીરનું રક્ષણ કરવા. ને ૨ શરીર સુંદર દેખાડવા.

લુગડાં બને છે તે પદાર્થોઃ—રૂ, ઉન, શણ ને રેશમ, ઉપરાંત જંગલના લોકો ઝાડની છાલ ને જનાવરનાં ચામડાંનાં લુગડાં બનાવે છે.

સુતરાઉ કાપડઃ—રૂને પીંજીને કાંતે છે ત્યારે સુતર બને છે તેનાં કપડાં સુતરાઉ કપડાં કહેવાય છે. સુતરાઉ કપડાં તાપના દહાડામાં પહેરવાથી તાપ ઓછો લાગે છે.

છીંટ, ખાદી, બાસ્તો, સેલું. જામદાની વગેરે સુતરાઉ કાપડ છે.

ઊનનું કાપડઃ—ઘેટાંના ડીલ પરથી ઊન લઇ સાફ કરે છે પછી તેનાં કપડાં વણે છે તે ઊનનાં કપડાં કહેવાય છે. ઊનનાં કપડાંથી ટાઢ વાતી નથી તેથી ટાઢના દહાડામાં ઊનનાં કપડાં પહેરાય છે. બનાત, ફલાનલ વગેરે કાપડ ઊનનું બને છે.

શણનું કાપડઃ—શણના છોડની છાલ ઉતારી લઇ તેમાંથી રેસા છુટા પાડે છે. તેને સાફ કરી વણે છે તે શણનું કાપડ કહેવાય છે. શણનું કાપડ ઘણુંજ મજબુત હોય છે.

કતાન, કોથળા વગેરે શણનું કાપડ છે.

રેશમી કાપડઃ—રેશમ એક જાતના કીડા બનાવે છે. તેનાં કપડાં રેશમી કપડાં કહેવાય છે. મુગટા, પીતાંબર, સાડીઓ, અતલસ, કિનખાબ વગેરે રેશમી કાપડ છે. રેશમી કાપડ સુંવાળુ, ચળકતું ને મજબુત હોય છે પણ કીંમત વધારે બેસે છે.

પશુને ટાઢ ન વાય માટે પ્રભુની ગોઠવણઃ—

૧ તેમની ચામડી જાડી હોય છે.

૨ તેમની ચામડી પર ઘાટા વાળ હોય છે.

પક્ષીને ટાઢ ન વાય માટે પ્રભુની ગોઠવણઃ—

૧ તેમને રૂવાં, વાળ ને પીછાં આપેલાં છે.

જાહેર ખબર.

બીજા ધોરણની નોટ તથા અર્થ હવે પછી તૈયાર થશે તેમજ હમારા તરફથી સુબગાગીત સામાન્ય ભુગોળ ડિક્ટેશન પ્રકાર વિગેરે બહાર પાડવાની ગોઠવણ કરવામાં આવી છે. તે શીવાય હમારે ત્યાંથી શાળોપયોગી બુકો નોવેલો, ગાયનો, ગઝલો વિગેરે વિગેરે મળશે.

બહાર ગામના ઓર્ડરપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

તાર ઓફીસસામે—સુરત.